dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 157 | AD - 2026, Fagan Vad - 11 | Sunday, Dt. 15-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આસામના સિલચર ખાતે યોજાયેલી જનસભામાં પીએમ મોદીના કોંગ્રેસ પર પ્રહારો

# કોંગ્રેસે માત્ર આસામના યુવાનોને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યુ છે : મોદી

સિલચર,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આસામની બે દિવસીય મુલાકાત ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ સમાન સાબિત થઈ રહી છે. મુલાકાતના બીજા દિવસે સિલચર ખાતે આયોજિત ભવ્ય જનસભામાં વડાપ્રધાને આસામના સર્વાંગી વિકાસ માટેની પોતાની પ્રતિબધ્ધતા દોહરાવી હતી. તેમણે પોતાના સંબોધનમાં ભૂતકાળની સરકારોની નીતિઓ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસે તેના શાસનકાળ દરમિયાન આસામના યુવાનોને માત્ર ગેરમાર્ગે દોરવાનું જ કામ કર્યુ છે. વડાપ્રધાનના મતે, કોંગ્રેસની નકારાત્મક રાજનીતિએ રાજ્યના હોનહાર યુવાનોને હિંસા અને આતંકવાદના માર્ગે ધકેલી દીધા હતા, જેના કારણે દાયકાઓ સુધી આ પ્રદેશ વિકાસની મુખ્ય ધારાથી વંચિત રહ્યો હતો. જોકે, વર્તમાન સમયમાં આ સ્થિતિમાં ધરખમ પરિવર્તન આવ્યું છે અને આજે આસામ માત્ર શાંતિનું પ્રતીક જ નથી, પરંતુ તે તકોના વિશાળ સાગર તરીકે ઉભરી આવ્યું છે.વડાપ્રધાન મોદીએ સિલચરની ધરતી પરથી કોંગ્રેસની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિની આકરી ટીકા કરી હતી. તેમણે ઈતિહાસના પાના ઉથલાવતા ભાવુક હૃદયે જણાવ્યું કે આઝાદી સમયે કોંગ્રેસની કેટલીક ભૂલોને કારણે બરાક ઘાટીએ ભારે કિંમત ચૂકવવી પડી છે. આઝાદીના સમયે સરહદોનું અંકન એવી રીતે કરવામાં આવ્યું કે બરાક ઘાટીનો સમુદ્ર સાથેનો સીધો સંપર્ક કપાઈ ગયો, જેના કારણે આ પ્રદેશ જે એક સમયે મોટું ઔદ્યોગિક કેન્દ્ર હતો, તેની આર્થિક તાકાત છીનવાઈ ગઈ હતી. દાયકાઓ સુધી સત્તામાં રહ્યા હોવા છતાં કોંગ્રેસે આ વિસ્તારના ભૌગોલિક અને આર્થિક અલગતાવાદને દૂર કરવા માટે કોઈ નક્કર પગલાં લીધાં નહોતા. વડાપ્રધાને ગંભીર આરોપ લગાવતા કહ્યું કે કોંગ્રેસે



ઉત્તર-પૂર્વને હંમેશા દિલ્હીથી અને પોતાના દિલથી દૂર રાખ્યું હતું, પરંતુ ભાજપની ડબલ એન્જિન સરકારે આ અંતરને મિસિલચરને બરાક ઘાટીના ગેટવે તરીકે ઓળખાવતા વડાપ્રધાને અહીંની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાની પ્રશંસા કરી હતી. તેમણે નોંધ્યું હતું કે આ એક એવું સ્થળ છે જ્યાં બંગાળી અને આસામી ભાષાઓનો સંગમ જોવા મળે છે, અને સાથે જ વિવિધ આદિવાસી પરંપરાઓ પણ એકસાથે ફૂલીફાલી રહી છે. આ પ્રદેશમાં જે ભાઈચારો અને સુમેળ જોવા મળે છે, તે જ વિકાસનો અસલી પાયો છે. બરાક નદીએ અહીં પ્રાચીન કાળથી વેપારના માર્ગો પ્રશસ્ત કર્યા છે અને આ સંભાવનાઓને ફરીથી જીવંત કરવા માટે વર્તમાન સરકાર કટિબધ્ધ છે. વડાપ્રધાનના મતે, બરાક ઘાટીનો વિકાસ એ માત્ર એક વિસ્તારનો વિકાસ નથી, પરંતુ તે સમગ્ર આસામ અને ઉત્તર-પૂર્વ ભારતની આર્થિક પ્રગતિ માટેનું એન્જિન સાબિત થશે. વડાપ્રધાનની આ મુલાકાત માત્ર ભાષણો પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ તે આસામના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બદલી નાખનારા પ્રોજેક્ટ્સની ભેટ લઈને આવી હતી. કુલ ૪૭,૬૦૦ કરોડ રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યો છે, જેમાંથી બીજા દિવસે જ ૨૩,૫૫૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સની શરૂઆત થઈ છે. આમાં સૌથી મહત્વનો પ્રોજેક્ટ ઉત્તર-પૂર્વનો પ્રથમ ગ્રીનફિલ્ડ ફોર-લેન હાઈ-સ્પીડ શિલોંગ-સિલચર કોરિડોર છે. આ કોરિડોર માત્ર પરિવહનની સુવિધા જ નહીં આપે, પરંતુ પ્રવાસન અને ઉદ્યોગો માટે પણ નવા દ્વાર ખોલશે. આ ઉપરાંત 'આસામ માલા ૩.૦' પ્રોજેક્ટ હેઠળ રાજ્યના માર્ગોનું નેટવર્ક મજબૂત કરવામાં આવશે, જેનાથી ખેડૂતોને તેમની પેદાશો બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે અને યુવાનો માટે રોજગારીની નવી તકો સર્જાશે. વૈશ્વિક પડકારો અને કોંગ્રેસની વિઝન વગરની રાજનીતિ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને જણાવ્યું કે જ્યારે આખી દુનિયા યુધ્ધો અને આર્થિક અસ્થિરતાનો સામનો કરી રહી છે, ત્યારે ભારત સરકાર પોતાના નાગરિકો પર તેની અસર ઓછી થાય તે માટે રાત-દિવસ મહેનત કરી રહી છે. તેમણે ખેદ વ્યક્ત કર્યો કે એક જવાબદાર વિપક્ષ બનવાને બદલે કોંગ્રેસ દેશમાં ગભરાટ અને અફવાઓ ફેલાવવાનું કામ કરી રહી છે. કોંગ્રેસ પાસે દેશના વિકાસ માટે કોઈ વિઝન નથી અને તેથી જ તે માત્ર 'ફેક રીલ્સ' બનાવવાની ઈન્ડસ્ટ્રી ચલાવી રહી છે.

# કેન્દ્ર સરકારની અપીલ છતાં દેશમાં એલપીજીના થતા બેફામ કાળાબજાર

ન્યૂ દિલ્હી,તા.૧૪

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના વધતા જતા તણાવને કારણે ભારતભરમાં રાંધણ ગેસની ગંભીર અછત સર્જાઈ છે. ઉત્તર પ્રદેશના સિધ્ધાર્થનગરથી લઈને બિહાર અને મધ્ય પ્રદેશ સુધીના વિસ્તારોમાં લોકો રાતભર ગેસ એજન્સીઓ બહાર બેસી રહેવા મજબૂર બન્યા છે. કડકડતી ઠંડી અને તડકામાં સવારના ચાર વાગ્યાથી લાંબી કતારો જોવા મળી રહી છે, છતાં અનેક ગ્રાહકોને ખાલી હાથે પરત ફરવું



પડે છે. છિંદવાડામાં તો સ્થિતિ એટલી વણસી છે કે સંભવિત હિંસા રોકવા માટે પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ સિલિન્ડરનું વિતરણ કરવાની ફરજ પડી છે.વહીવટી પડકારો અને સામાન્ય જનતાની મુશ્કેલીઓ

એક તરફ સરકાર અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી દાવા કરી રહ્યા છે કે ઈંધણનો પુરવઠો પૂરતો છે અને સ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ જમીની હકીકત સાવ અલગ જ ચિત્ર રજૂ કરે છે. ગેસ એજન્સીઓના સર્વર ઠપ થઈ જવાથી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ છે, જેણે લોકોની અકળામણમાં વધારો કર્યો છે. આ અછતનો લાભ ઉઠાવી કાળાબજારી કરનારાઓ સક્રિય થયા છે, જ્યાં રૂ.૨ હજારનો કોમર્શિયલ સિલિન્ડર રૂ.૪ હજારમાં વેચાઈ રહ્યો છે. છત્તીસગઢના રાયગઢ અને જગદલપુર જેવા જિલ્લાઓમાં હોટલ સંચાલકો હવે લાકડાના ચૂલા પર ખોરાક રાંધવા મજબૂર બન્યા છે અને ખાદ્ય ચીજો પર સરચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે.

# પીએમ મોદીની પં. બંગાળ મુલાકાત પહેલા ભાજપ-ટીએમસી કાર્યકરો વચ્ચે અથડામણ

કોલકાત્તા,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પશ્ચિમ બંગાળની મુલાકાત પહેલા કોલકાતાના ગિરીશ પાર્ક વિસ્તારમાં રાજકીય વાતાવરણ ગરમાયું હતું. ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર અથડામણ થતા બંને પક્ષોએ સામસામે પથ્થરમારો કર્યો હતો, જેને વિખેરવા માટે પોલીસને દરમિયાનગીરી કરવી પડી હતી. રાજ્યના મંત્રી શશી પંજાએ ગંભીર આરોપ લગાવતા જણાવ્યું હતું કે તેમના પર ઈંટ વડે હુમલો કરવામાં આવ્યો છે



અને તેમણે ભાજપ પર હિંસા ફેલાવવાનો આક્ષેપ કર્યો હતો. આ તણાવ વચ્ચે પીએમ મોદીએ બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી અંદાજે રૂ.૧૮,૬૮૦ કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ પણ તેમની સાથે મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં ભાર મૂક્યો હતો કે રેલવેનું આધુનિકીકરણ બંગાળના વિકાસ માટે અનિવાર્ય છે અને હલ્દિયા તેમજ બીરભૂમ સહિતના છ સ્ટેશનોને 'અમૃત સ્ટેશન' યોજના અંતર્ગત વિકસાવવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે આ પરિયોજનાઓથી રાજ્યમાં કનેક્ટિવિટી વધશે અને લાખો લોકો માટે રોજગારીની નવી તકો ઊભી થશે. ભાજપના નેતા વૈશાલી દાલમિયાએ આ મુલાકાતને ઐતિહાસિક ગણાવી જનતામાં વ્યાપેલા ઉત્સાહની પ્રશંસા કરી હતી.





# લદ્દાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચૂક પરથી NSA હટાવવા કેન્દ્ર સરકારનો નિર્ણય

લદ્દાખ,તા.૧૪

કેન્દ્ર સરકારે શનિવારે લદ્દાખના જાણીતા સામાજિક કાર્યકર અને એન્જિનિયર સોનમ વાંગચુક પર લાદવામાં આવેલ NSA હટાવવાની જાહેરાત કરી છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વાંગચુકે તેમની અટકાયતનો અડધો સમયગાળો પૂર્ણ કરી લીધો હોવાથી આ આદેશ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૫ માં લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે થયેલા આંદોલન દરમિયાન ફાટી નીકળેલી હિંસાના આરોપમાં તેમની ધરપકડ કરવામાં



આવી હતી. લેહમાં થયેલી આ હિંસામાં ચાર લોકોના મોત નીપજ્યા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા, જેના પગલે લદ્દાખ પ્રશાસને તેમના પર કડક કાર્યવાહી કરી હતી. છેલ્લા સાડા પાંચ મહિનાથી જોધપુર જેલમાં બંધ વાંગચુક લગભગ ૧૭૦ દિવસ બાદ મુક્ત થશે.






# જિલ્લામાં અકસ્માતગ્રસ્ત વ્યક્તિને સાત દિવસ સુધી રૂા. ૧.૫૦ લાખ સુધીનું વળતર મળશે

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિઓને સમયસર અને આર્થિક અવરોધ વિના સારવાર મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને વિશેષ બેઠક યોજાઈ હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય અકસ્માત બાદ સમયસર સારવારના અભાવે થતા મૃત્યુદરને ઘટાડવાનો છે. જે અંતર્ગત PMJAY સાથે સંકળાયેલી હોસ્પિટલોમાં દર્દીને સાત દિવસ સુધી રૂ. ૧.૫ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે. જો હોસ્પિટલ આ યોજનામાં નોંધાયેલ ન હોય તો પણ પીડિતને સ્ટેબિલાઈઝ કરવા માટે તાત્કાલિક સારવાર આપવી ફરજિયાત રહેશે. અકસ્માતની જાણ ૧૧૨ પર થતાં જ એમ્બ્યુલન્સ મારફતે દર્દીને નજીકની હોસ્પિટલ ખસેડી 'ગોલ્ડન અવર'માં સારવાર શરૂ કરાશે. સમગ્ર પ્રક્રિયાને પારદર્શક બનાવવા પોલીસ દ્વારા ઈલેક્ટ્રોનિક ડિટેલ્ડ એક્સિડેન્ટ રિપોર્ટ પર વિક્ટીમ આઈ.ડી. જનરેટ કરી તેને ટ્રાન્જેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ સાથે લિંક કરવામાં આવશે. વીમો ન ધરાવતા વાહનો અને હીટ એન્ડ રનના કિસ્સામાં સારવારનો ખર્ચ કલેક્ટરશ્રીની સત્તા હેઠળ ચૂકવવામાં આવશે જ્યારે વીમા ધરાવતા વાહનોમાં વીમા કંપની દ્વારા ચૂકવણી કરવામાં આવશે.

# રાજ્યમાં કુપોષિત બાળકોને અપાતા આહાર વિશે મહેશ કસવાળાની પ્રતિક્રિયા

અમરેલી,તા.૧૪



સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ જણાવ્યું હતું કે, સુપોષિત બાળક અને સ્વસ્થ માતા એ સશક્ત રાષ્ટ્રના નિર્માણનો પાયો છે. ગુજરાત સરકારના સઘન પ્રયાસોને કારણે રાજ્યમાં કુપોષણના દરમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. પોષણ ટ્રેકરના આંકડા મુજબ, જાન્યુઆરી ૨૦૨૫ માં ઓછા વજનવાળા બાળકોનું પ્રમાણ ઘટીને ૧૧.૪% થયું છે, જે અગાઉના વર્ષે ૨૦.૫% હતું. આ સફળતા સરકારના આયોજનબદ્ધ મોનિટરિંગનું પરિણામ છે.સગર્ભા અને ધાત્રી માતાઓને 'માતૃશક્તિ' યોજના હેઠળ દર મહિને ૪ કિલો પોષણયુક્ત આહાર આપવામાં આવે છે, જેમાં ઉચ્ચ પ્રોટીન અને કેલેરી હોય છે. આ ઉપરાંત, ઓછા વજનવાળી કિશોરીઓ માટે 'પૂર્ણાશક્તિ' અને નાના બાળકો માટે 'બાલશક્તિ' પેકેટ દ્વારા પોષણની જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તારોમાં 'દૂધ સંજીવની' અને ગરમ ભોજન જેવી યોજનાઓ પણ કાર્યરત છે

# કોઠા પીપરીયામાં જળસંચયનો હુંકાર: ગીરગંગા દ્વારા જળસંચય જાગૃતિ બેઠક સંપન્ન

અમરેલી, તા.૧૪



ધારીના કોઠા પીપરિયા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય અંગે જાગૃતિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ ગ્રામજનોને સંબોધતા 'ગામનું પાણી ગામે અને સીમનું પાણી સીમમાં' રોકવાનો સંકલ્પ લેવા આહવાન કર્યું હતું. તેમણે ખેત તલાવડી અને બોર રિચાર્જ જેવા માધ્યમો દ્વારા વરસાદી પાણી બચાવવા પર ભાર મૂક્યો હતો. સરપંચ કરણભાઈ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં જળસંચયને સામાજિક જવાબદારી ગણાવી સમૂહશક્તિ દ્વારા જળક્રાંતિ લાવવા અપીલ કરવામાં આવી હતી.

# લાલાવદર ગામે ૨.૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર કડવા પટેલ સમાજ ભવનનું ભૂમિપૂજન

અમરેલી, તા.૧૪



અમરેલી તાલુકાના લાલાવદર ગામે શનિવાર, ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ સમસ્ત કડવા પાટીદાર સમાજના સહયોગથી નિર્માણ પામનાર અદ્યતન સમાજ ભવનનો ભવ્ય ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ પરશોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને વૈદિક મંત્રોચ્ચાર સાથે આ પવિત્ર કાર્ય સંપન્ન થયું હતું. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ગોરધનભાઈ સુરાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. અગ્રણી કુરજીભાઈ માતરીયાએ વિગત આપતા જણાવ્યું કે આ ભવન આશરે ૨.૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થશે. આ તકે મુખ્ય દાતા દિનેશભાઈ માતરીયા અને અન્ય દાતાઓ દ્વારા રૂપાલાનું સન્માન કરાયું હતું. પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમર, અશ્વિનભાઈ સાવલીયા અને ચેતનભાઈ ધાનાણી સહિતના મહાનુભાવોએ આ ભવનને સમાજની એકતાનું પ્રતીક ગણાવ્યું હતું. પરશોતમભાઈ રૂપાલાએ પોતાના પ્રેરક સંબોધનમાં વતનનું ઋણ સ્વીકારવા પર ભાર મૂક્યો હતો. તેમણે સમાજના દરેક ઘરને રોજનો ૧ રૂપિયો બચાવી સમાજ ઉત્થાનમાં આપવા તેમજ સામાજિક પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચ ઘટાડી વ્યસનમુક્તિ અને સંયુક્ત કુટુંબ પ્રથાના મૂલ્યો જાળવવા હાકલ કરી હતી. કાર્યક્રમના અંતે પ્રમુખ બાલુભાઈ માતરીયાએ આભારવિધિ કરી હતી. ધર્મેશભાઈ આખજા અને તેમની ટીમ દ્વારા સફળ સંચાલન સાથે આયોજનને આખરી ઓપ અપાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

# અમરેલીના સરંભડા ગામે પીએમ કિસાન ઉત્સવ યોજાયો

**જિલ્લાના ૧.૫૦ લાખ ખેડૂતોના ખાતામાં નાણા જમા થયા**

અમરેલી,તા.૧૩




અમરેલી જિલ્લાના સરંભડા ગામે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથરના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો 'પી. એમ. કિસાન ઉત્સવ દિવસ' ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુવહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો જાહેર કર્યો હતો, જેનાથી અમરેલી જિલ્લાના આશરે ૧.૫૦ લાખ ખેડૂતોના ખાતામાં સીધી સહાય જમા થઈ હતી.

કાર્યક્રમ દરમિયાન ખેડૂતોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યું હતું.આ કાર્યક્રમમાં ખેતીવાડી અધિકારી જીગ્નેશ કાનાણીએ મિલેટ એટલે કે જાડા ધાન્ય જેવા કે બાજરો, જુવાર અને રાગીના સ્વાસ્થ્યવર્ધક ફાયદાઓ સમજાવ્યા હતા. સાથે જ તેમણે આગામી ૧૮ થી ૨૧ માર્ચ દરમિયાન બદલાતા હવામાન અંગે ખેડૂતોને સાવચેત કર્યા હતા. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડૉ. વાઘાણીએ રાસાયણિક ખેતીના જોખમો સામે ચેતવણી આપી પ્રાકૃતિક ખેતી અપનાવવા હાકલ કરી હતી.

પ્રગતિશીલ ખેડૂત કેતનભાઈ ખોયાણીએ પોતાના અનુભવો રજૂ કરતા જણાવ્યું હતું કે તેમના દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક મરચાંની માંગ છેક અમેરિકા સુધી છે.

# અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પીએનજી ગેસ કનેકશન લેવા અનુરોધ

અમરેલી,તા.૧૪

વર્તમાન સમયમાં ઘરેલુ LPG ગેસનો જથ્થો પૂરતા પ્રમાણમાં જળવાઈ રહે અને સામાન્ય જનતાને કોઈ મુશ્કેલી ન પડે તેવા ઉમદા હેતુથી અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા પુરવઠા અધિકારીએ અમરેલી, સાવરકુંડલા, લાઠી, દામનગર, રાજુલા અને લીલીયા જેવા વિસ્તારોમાં કાર્યરત હોટલ્સ, રેસ્ટોરન્ટ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, વૃદ્ધાશ્રમો અને અનાથાલયો જેવી સંસ્થાઓને આગામી સમયમાં ફરજિયાતપણે PNG (ગુજરાત ગેસ) ના જોડાણ લેવા માટે ખાસ અનુરોધ કર્યો છે. નવા કનેક્શન મેળવવા ઈચ્છુક સંસ્થાઓએ અમરેલીમાં સિવિલ હોસ્પિટલ રોડ સ્થિત ગુજરાત ગેસની કચેરી, સાવરકુંડલામાં ભાવના સોસાયટી ખાતે અથવા રાજુલામાં શિક્ષક સોસાયટી સ્થિત ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ વિગતો માટે વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા હેલ્પલાઈન નંબરો અથવા કસ્ટમર કેર સેન્ટર પર નિયત સમય દરમિયાન સંપર્ક કરીને જરૂરી માર્ગદર્શન મેળવી શકાય છે જેથી ભવિષ્યમાં ઈંધણની તંગી નિવારી શકાય.

# જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળની શતાબ્દી વર્ષ નિમિત્તે સમાજના શ્રેષ્ઠીઓની મીટિંગ યોજાઇ

જાફરાબાદ, તા.૧૪


તસવીર : બાબુભાઈ વાટેળ

જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળની શતાબ્દી વર્ષ -૧૯૨૬-૨૦૨૫ના અવસરે સમાજના શ્રેષ્ઠીઓ સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના પ્રમુખ કિરીટભાઈ મહેતા તેમજ યોગેશભાઈ ગોરડીયાના ઉપસ્થિતિમાં જાફરાબાદના સમાજ શ્રેષ્ઠીઓ, પૂર્વ સારસ્વતો અને સમાજના પદાધિકારીઓ વિગેરેની મિટિંગ યોજાઇ હતી. આ મિટિંગમાં કિરીટભાઈ મહેતાએ જણાવેલ કે આ સંસ્થાના પ્રાંગણમાં અંદાજીત રૂ ૨૪, કરોડ ના ખર્ચે નૂતન વિદ્યાભવનનું જે નિર્માણ થઈ રહેલ છે તે માટે આર્થિક સહયોગ આપવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. આ સંસ્થામાં જાફરાબાદના તમામ જ્ઞાતિના વિધાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે. ભવિષ્યમાં પણ જાફરાબાદના અઢારે વરણના લોકોને ઉત્તમ શિક્ષણ આપવામાં આવશે તે માટે ટ્રસ્ટીઓ અવિરત પ્રયત્ન કરી રહેલ છે. આ મિટિંગમાં જાફરાબાદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભગુભાઈ સોલંકી, જીવનભાઈ બારૈયા, મોહનભાઈ બારૈયા, જીતુભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાની સરસ્વતી વિદ્યા મંદિરમાં 'ત્રિવેણી સંગમ' કાર્યક્રમની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૧૪



સાવરકુંડલાના સર્વેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યા મંદિર ખાતે તાજેતરમાં ઈનામ વિતરણ, ગ્રાહક સુરક્ષા દિન અને વાલી સંમેલનનો 'ત્રિવેણી સંગમ' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શિક્ષણ અધિકારી જે. કે. સરવૈયા અને બીઆરસી તુષારભાઈ જાનીએ તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરી પ્રોત્સાહિત કર્યા હતા. વિશ્વ ગ્રાહક સુરક્ષા દિન નિમિત્તે રમેશભાઈ હિરાણી અને બિપીનભાઈ પાંધીએ વાલીઓને ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને ગ્રાહક અધિકારો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યા દક્ષાબેન સરવૈયાના સંચાલન હેઠળ ટ્રસ્ટીગણ અને ડાયરેક્ટર ભૌતિકભાઈ સુહાગીયાના સહયોગથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્નક થયો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**ઘઉંના મુદ્દે કોઈ ધારાસભ્યએ વિધાનસભા ગૃહમાં રજૂઆત કરી નહી, નેતાઓ સામે ખેડૂતોમાં આક્રોશ**

# રાજયમાં ભંગાર કરતા પણ સસ્તા ભાવે વેચાતા ઘઉં

અમરેલી, તા.૧૩

ગુજરાતનો ખેડૂત આજે ખેતીના વધતા ખર્ચ અને ઘઉંના નીચા ભાવને કારણે અત્યંત વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયો છે. અમરેલી જિલ્લામાં આ વર્ષે ઘઉંનું મબલખ વાવેતર કરવામાં આવ્યુ છે. ખેડૂતોને ઘઉંના સારા ભાવ મળશે તેવી આશા સેવતા હતા પરંતુ ઘઉંના ભાવ પ્રતિ કિલો ભંગારના પ્રતિ કિલો ભાવ કરતા પણ સસ્તા આવી રહ્યાં છે. ચાલુ વર્ષે ખાતર, બિયારણ અને મજૂરીના ભાવમાં તોતિંગ વધારો થયો છે, જેની સામે બજારમાં ઘઉંના જે ભાવ મળી રહ્યા છે તે ખેતીના ખર્ચને પણ માંડ સરભર કરી શકે તેમ છે. આ કપરી સ્થિતિમાં ખેડૂતોને આશા હતી કે લોકશાહીના પવિત્ર મકાન ગણાતી વિધાનસભામાં તેમના પ્રશ્નોનો પડઘો પડશે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી છે. દુઃખની વાત એ છે કે, જ્યારે ખેડૂતો પોતાના પરસેવાનું વળતર મેળવવા સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે જનતાના પ્રતિનિધિઓ દ્વારા ગંભીર મુદ્દાઓને બદલે ક્રિકેટ મેચ જેવી બાબતોની રજૂઆત કરવામાં આવી હતી. વિધાનસભા સત્ર દરમિયાન કોઈ પણ નેતાએ ખેડૂતોની આર્થિક કફોડી હાલત કે ઘઉંના ટેકાના ભાવમાં વધારો



કરવા બાબતે અવાજ ઉઠાવ્યો નથી. નેતાઓની આ ઉદાસીનતાને કારણે ધરતીપુત્રોમાં રોષ અને હતાશાની લાગણી જન્મી છે. જો સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંને આર્થિક સંકટમાં ઘેરાયેલા ખેડૂતોની દરકાર નહીં કરે, તો આગામી સમયમાં કૃષિ ક્ષેત્રે મોટું સંકટ સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. અમરેલી જિલ્લામાં ઘઉંની પુષ્કળ આવક છતાં ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. જિલ્લાના યાર્ડમાં દરરોજ હજારો મણ ઘઉંની આવક થઈ રહી છે, પરંતુ ખેડૂતોને પૂરતા ભાવ મળી રહ્યા નથી. હાલમાં ઘઉંના પ્રતિ મણ ૪૦૦થી ૫૦૦ રૂપિયા સુધીના ભાવ મળતા હોવાથી ખેડૂતોને ખેતીનો ખર્ચ કાઢવો પણ મુશ્કેલ બન્યો છે. આથી ખેડૂતોએ સરકાર સમક્ષ ઘઉંના ભાવ વધારવાની માંગ કરી છે.આ વર્ષે અમરેલી જિલ્લામાં સારો વરસાદ થતાં ઘઉંનું મબલખ વાવેતર થયું હતું. જિલ્લામાં અંદાજે હજારો હેક્ટર જમીનમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેના પરિણામે યાર્ડમાં ઘઉંની આવક મોટા પ્રમાણમાં શરૂ થઈ છે.દરરોજ અંદાજે હજારો મણ ઘઉંની આવક નોંધાઈ રહી છે. જોકે, ખેડૂતોને ઘઉંના સંતોષકારક ભાવ મળી રહ્યા નથી. હાલમાં પ્રતિ મણ ૪૦૦થી ૫૦૦ રૂપિયાના ભાવ મળતા હોવાથી ખેડૂતોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.ખેડૂતોના મતે, એક વિઘા જમીનમાં ઘઉંનું વાવેતર કરવા માટે બિયારણ, ખાતર અને દવા સહિત અંદાજે ૧૫ થી ૧૭ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. પાક તૈયાર થયા બાદ ઘઉં સાફ કરવાની મજૂરી અને યાર્ડ સુધી પહોંચાડવાના વાહન ભાડાનો પણ ખર્ચ ઉમેરાય છે. આવા સંજોગોમાં ઓછા ભાવ મળવાથી ખેડૂતોને નુકસાન વેઠવું પડે છે.

**પ્રતિ મણ રૂા.૬૦૦થી વધુ ભાવ મળે તો જ ખર્ચ પરવડે તેમ છે : ખેડૂતો**

ઘઉંના મામુલી ભાવ મળતા હોવાથી ખેડૂતો જણાવી રહ્યા છે કે જો ઘઉંના પ્રતિ મણ ૬૦૦થી ૬૫૦ રૂપિયા સુધીના ભાવ મળે તો જ તેમને પાક પોસાય તેમ છે. આથી, સરકાર દ્વારા ઘઉંના ભાવમાં વધારો કરવામાં આવે તેવી તેમની માંગ છે. હાલ તો ખેડૂતોને ઘઉં કાઢવાનો પ્રતિ વિઘાએ ખર્ચ પણ મોંઘો પડી રહ્યો છે. ત્યારે ખેડૂતોની મુશ્કેલીને ધ્યાને રાખી ઘઉંના ભાવ સારા મળે તેવા સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગ કરવામાં આવી છે.

**મણદીઠ રૂા.૬૦૦ના ખર્ચની સામે માત્ર રૂા.૪૦૦ મળતા હોવાથી ખેડૂતો દયનીય સ્થિતિમાં**

## અમરેલી જિલ્લામાં બે વર્ષમાં બિનખેતીની ૮૧૪ અરજીઓ મંજૂર થઈ

અમરેલી, તા.૧૪

ગુજરાત વિધાનસભામાં અમરેલી જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીનો પ્રશ્ન ઉઠ્યો હતો. લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ પૂછ્યું કે, ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર કરવામાં આવી?

જેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું, ઉક્ત સ્થિતિએ અમરેલી જિલ્લામાંથી બિનખેતી માટેની કુલ ૧૧૬૯ અરજી મળી છે. જે પૈકી ૮૧૪ અરજી મંજૂર કરા છે. અમરેલી શહેરમાંથી ૧૧૮, અમરેલી તાલુકામાંથી ૭૮, લાઠી તાલુકામાંથી ૭૯, બાબરા તાલુકામાંથી ૮૪, લીલીયા તાલુકામાંથી ૨૬, સાવરકુંડલા તાલુકામાંથી ૮૫, રાજુલા તાલુકામાંથી ૮૫, જાફરાબાદ તાલુકામાંથી ૧૦૭, બગસરા તાલુકામાંથી ૧૭, વડીયા તાલુકામાંથી ૪૧, ધારી તાલુકામાંથી ૭૨, ખાંભા તાલુકામાંથી ૨૨ મળી કુલ ૮૧૪ અરજી મંજૂર કરવામાં આવી

**લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ વિધાનસભામાં ઉઠાવ્યો પ્રશ્ન**

## સા.કુંડલાના થોરડી ગામે મિલેટ મહોત્સવની ઉજવણી કરાઈ

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલાના થોરડી ગામે લોક સેવક સંઘ ખાતે મિલેટ મહોત્સવ સહ પીએમ કિસાન સન્માન દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ વિશેષ આયોજનમાં મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા



પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લાલભાઈ મોર તથા જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાનિએ હાજરી આપી ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંગઠન મહામંત્રી પ્રકાશભાઈ પાનસૂરિયા, તાલુકા પંચાયત સદસ્ય દીપકભાઈ, થોરડીના સરપંચ વિપુલભાઈ, દેતડના સરપંચ જયંતિભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા હેલ્થ ઓફિસર મીના, પશુ ચિકિત્સક નાકરાણી અને ખેતી નિયામક ડેર ખેતી અને આરોગ્ય વિષયક ઉપયોગી માહિતી આપી હતી. આ તકે ખેતી અધિકારી બલદાણીયા, તલાટી દીપકભાઈ, વિસ્તરણ અધિકારી જોશી અને ગ્રામસેવકોએ પણ હાજર રહીને જાણકારી આપી હતી.

## અમરેલી જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બે વર્ષમાં ૨૭ અરજી મળી

**કુલ ક્ષેત્ર ૧૦૮૨૦ ચોરસ મીટર જમીનની ફાળવણી કરવામાં આવી**

અમરેલી, તા.૧૪

ગુજરાત વિધાનસભામાં અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો માટે સરકારી જમીન ફાળવવાનો સવાલ પૂછ્યો હતો. તેમણે પૂછ્યું કે, ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન ફાળવવા કેટલી અરજી મળી, કેટલી અરજી મંજૂર કરવામાં આવી અને કેટલી જમીન ફાળવવામાં આવી.

જેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું કે, આ માટે છેલ્લા બે વર્ષમાં કુલ ૨૭ અરજી મળી છે. જેમાંથી ૧૧ અરજી મંજૂર કરવામાં આવી છે અને કુલ ક્ષેત્ર ૧૦૮૨૦ ચોરસ મીટર જમીનની ફાળવણી કરવામાં આવી છે.

## સા.કુંડલાની ૧૭૦ છાત્રાઓએ અટલ અમૃત સરોવર અને સ્પોર્ટ્સ સંકુલની મુલાકાત લીધી

સાવરકુંડલા તા.૧૪

સાવરકુંડલાની કન્યાશાળા નં-૨ની ૧૭૦ બાળાઓ માટે નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના સૌજન્યથી 'એક્સપોઝર વિઝિટ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારના રોજ ધોરણ ૫ થી ૮ની બાળાઓએ શહેરના ગૌરવ સમાન 'અટલ અમૃત સરોવર' અને અત્યાધુનિક 'સ્પોર્ટ્સ સંકુલ'ની મુલાકાત લઈને વિકાસકાર્યો નિહાળ્યા હતા. નગરપાલિકા દ્વારા બાળાઓ



માટે વાહન વ્યવસ્થા અને પૌષ્ટિક અલ્પાહારનું પણ આયોજન કરાયું હતું. આચાર્યા ભારતીબેન રાઠોડ અને સ્ટાફે નવી પેઢીને શહેરના પ્રકલ્પોથી માહિતગાર કરવા બદલ મેહુલભાઈ અને તેમની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બગસરાની મેઘાણી હાઈસ્કૂલ ખાતે મોરારીબાપુનું આગમન

બગસરા, તા.૧૪

બગસરામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના નિધન બાદ તેમની યાદને ચિરંજીવી રાખવા માટે ૧૯૫૨માં મેઘાણી સ્મારક સમિતિ દ્વારા 'મેઘાણી હાઈસ્કૂલ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થા માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ લોકસાહિત્યના જતન માટે પણ જાણીતી છે. દર વર્ષે મેઘાણીજીની જન્મજયંતી નિમિત્તે અહીં શ્રેષ્ઠ લોકસાહિત્યકારોને 'રસધાર અસ્મિતા એવોર્ડ' એનાયત કરવામાં આવે છે.



તાજેતરમાં પૂ.મોરારીબાપુએ આ વિદ્યાધામની વિશેષ મુલાકાત લઈને સંસ્થાની સાહિત્યિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી, જેનાથી સમગ્ર બગસરા પંથકમાં હર્ષની લાગણી ફેલાઈ છે.




## સા.કુંડલાના ગાધકડા ગામે હાઈસ્કૂલમાં ગ્રાહક સુરક્ષા અધિકાર દિનની ઉજવણી



સાવરકુંડલા,તા૧૪

સાવરકુંડલા તાલુકાની ગાધકડા હાઈસ્કૂલમાં ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના સહયોગથી 'ગ્રાહક સુરક્ષા અધિકાર દિન'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં મંડળના પ્રમુખ રમેશભાઈ હિરાણી અને બિપીનભાઈ પાંધી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.ગ્રાહક જાગૃતિ સપ્તાહ અંતર્ગત નિબંધ, વક્તૃત્વ, ચિત્ર અને કાવ્ય જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. નિબંધમાં સોલંકી ખુશી એચ., વક્તૃત્વમાં ખુમાણ આરાધના પી., ચિત્રમાં ગોહિલ પ્રિયાંશી આર. અને કાવ્યમાં નગવાડિયા મયૂરી એસ. પ્રથમ ક્રમે વિજેતા બન્યા. વિજેતા વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામો અપાયા.ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓએ ગ્રાહક જાગૃતિ વિષયક નાટક રજૂ કરી સંદેશ આપ્યો. કાર્યક્રમ શાળાના આચાર્ય મલયભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સંચાલન શિક્ષિકા નયનાબેન અને ખુશબુબેને સંભાળ્યું હતું.

## અમરેલી તાલુકાના ૯૬ આંગણવાડી કેન્દ્રોનું કાયાકલ્પ

અમરેલી,તા.૧૩

અમરેલી તાલુકામાં રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' અંતર્ગત આઈ.સી.ડી.એસ. ઘટક-૨ હેઠળના આંગણવાડી કેન્દ્રોમાં કાયા કલ્પની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા તથા જિલ્લા કાર્યક્રમ અધિકારી હીરા બહેન રાજશખાના માર્ગદર્શન હેઠળ બાળ વિકાસ યોજના



અધિકારી નિરાલી બહેન કીકાણીની દેખરેખમાં ૯૬ આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણની પ્રક્રિયા ચાલી રહી છે. આંગણવાડીની દીવાલો પર આકર્ષક ચિત્રકામ, કલરકામ અને રિપેરિંગ કરીને બાળકો માટે શિક્ષણ અને સંસ્કારનું સંગમસ્થાન ઉભું કરવામાં આવી રહ્યું છે. તાલુકામાં પોતાના મકાનમાં કાર્યરત ૯૬ આંગણવાડી કેન્દ્રો પૈકી ૮,૫૦૦ રૂપિયાની ગ્રાન્ટ હેઠળ ૪૫ કેન્દ્રોમાં કલરકામ અને ચિત્રકામ સહિતની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ૫૧ કેન્દ્રોમાં કામ પ્રગતિમાં છે. આ નવીનીકરણથી આંગણવાડીના કેન્દ્રો વધુ સુવિધાસભર અને આકર્ષક બન્યા છે.










**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

નં. જન્મ-મરણ કેસ-નં.૭૬/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૧/૧૯૭૦

શ્રી કમિબેન હુસેનભાઈ થૈયમ
રહે.નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, વી.એસ.રાઠોડ, ઉના ............અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નવાબંદર, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ...........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધ કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી કમિબેન હુસેનભાઈ થૈયમ રહે. નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્રી નજમાબેન હુસેનભાઈ થૈયમનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૦ ના રોજ ઉના તાલુકાના નવાબંદર મુકાકે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સુસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

# છેલ્લા ૨૬ વર્ષથી ચોરીના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી બાબરા પોલીસ ટીમ

અમરેલી, તા.૧૪

આજથી ૨૬ વર્ષ અગાઉ સાત શખ્સોએ બાબરા તાલુકાના ચરખામાં વિઠ્ઠલભાઈ ગોબરભાઈ શિયાણીના ખેતરમાં રાખવામાં આવેલા રૂ.૫૦,૦૦૦ની કિંમતના ૧૦૦ મણ તલની ચોરી કરી હતી. આ ગુનામાં પોલીસે અગાઉ છ આરોપીઓને પકડી પાડેલ હતા. પરંતુ એક આરોપી અશોકભાઈ ઓધાભાઈ સાથળીયા છેલ્લા ૨૬ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ કરવા સારુ નાસતો - છુપાતો રહેતો હતો. તે પોતાની ઓળખ બદલી તેમજ ગુજરાતના અલગ અલગ જીલ્લામાં પોતાનું રહેણાંક અને કામકાજ બદલી પોતાની ધરપકડ ટાળી રહ્યો હતો. આ અંગે બાબરા પોલીસ ટીમ દ્વારા ટેક્નિકલ વર્કઆઉટ તથા હ્યુમન સોર્સ દ્વારા ચોક્કસ બાતમી મેળવી આરોપીને ટ્રેક કરી રાજકોટની શીતળાધાર સોસાયટી કોઠારીયા ખાતેથી ઝડપીને તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કામગીરી બાબરા પોલીસ સ્ટેશનના પો. ઈન્સ. એમ. આર. શેઠ, એ.એસ.આઈ. કે. ટી. સોલંકી, હેડ કોન્સ. રાજભા વાઘેલા, પો.કોન્સ. વિજયભાઈ ચારડીયા, ગોકુળભાઈ રાતડીયા, ભારતભાઈ મકવાણા તથા જગદીશભાઈ રામાણી દ્વારા કરવામાં આવી છે.



# સા.કુંડલામાં ગેસ સિલિન્ડર મેળવવા માટે લોકોને પડતી ભારે હાલાકી

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલામાં ગેસ સિલિન્ડરની કહેવાતી અછતને કારણે લોકો પરેશાન થઈ રહ્યા છે. એરોગેસ ઈન્ડિયન સિલિન્ડર બુકિંગ ઓફિસે વહેલી સવારથી જ ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળે છે. એક ગેસ સિલિન્ડર મેળવવા માટે ગૃહિણીઓ અને વડીલો સવારથી જ લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. એજન્સી જણાવે છે કે, જેમ પુરવઠો આવશે તેમ વિતરણ કરાશે. સાથે સાથે અત્યારે ચાલી રહેલા યુધ્ધની પરિસ્થિતિને કારણે પણ ગેસનો પુરવઠો થોડો ખોરવાયો હોવાનું કહેવાય છે, જેના કારણે માંગ વધારે અને જથ્થો ઓછો થવાના કારણે લોકોની ભીડ જોવા મળી રહી છે. કાળજાળ ગરમી હોવા છતાં ઓફિસ બહાર છાંયો કે ઠંડા પાણી જેવી કોઈ વ્યવસ્થા નથી, જેના કારણે લાઈનમાં ઊભેલાવૃધ્ધ અને અશક્ત લોકોના આરોગ્ય પર પણ જોખમ ઊભું થયું છે. સ્થાનિક લોકોની માંગ છે કે ગ્રાહકોને યોગ્ય સુવિધા મળે, ગેસ વિતરણ વ્યવસ્થા સુધારવામાં આવે અને આવી સ્થિતિ ફરી ન સર્જાય.


તસવીર : સૌરભ દોશી

# અમરેલીમાં પરીક્ષાનું પરિણામ નબળું આવતા પિતાના ઠપકાથી કોલેજિયન પુત્રીએ જીવન ટૂંકાવ્યું

અમરેલી, તા.૧૪

અમરેલીમાં એક આશાસ્પદ વિદ્યાર્થિનીએ નબળા પરિણામ અને પિતાના ઠપકાથી વ્યથિત થઈને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ લીધો હતો, જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. દિલીપભાઈ બાબુભાઈ જાદવ (ઉ.વ ૪૨) એ જાહેર કર્યા મુજબ, તેની પુત્રી હેમાંશી (ઉ.વ ૧૯ )નું તાજેતરમાં કોલેજનું પરિણામ જાહેર થયું હતું, જેમાં તેનું પ્રદર્શન નબળું રહ્યું હતું. આ બાબતે તેને ઠપકો આપ્યો હતો અને અભ્યાસમાં ધ્યાન આપવા માટે સમજાવી હતી. જોકે, પિતાનો આ ઠપકાથી મનમાં લાગી આવ્યું હતું. પિતાના ઠપકાથી હતાશ થઈ તેણે ઘરે ગળાફાંસો ખાઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ પરિવારજનો તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ગંભીર હાલતમાં તેની સારવાર ચાલી રહી હતી, પરંતુ કમનસીબે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં પત્ની દીકરીને લઈ રિસાઈને ચાલી જતાં પતિનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે પારિવારિક કંકાસથી કંટાળીને એક યુવકે ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ હતી. પત્ની પોતાની નાની દીકરીને લઈને ઘર છોડીને ચાલી જતાં યુવકે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. આ અંગે ગીગાભાઈ માણસુરભાઈ બગડા (ઉ.વ.૬૬) એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર જિજ્ઞેશભાઈને ઘરે અચાનક ઉલ્ટી અને ઉબકા થવા લાગતા ચિંતાતુર થઈને પૂછપરછ કરી હતી. તેણે જણાવ્યું હતું કે, તેની પત્ની તેમને છોડીને જતી રહી છે અને પોતાની સાથે નાની દીકરીને પણ લેતી ગઈ છે. આ વિરહ અને માનસિક તણાવ સહન ન થતાં તેમણે જીવન ટૂંકાવવા માટે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા જિજ્ઞેશભાઈને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

# નાના સમઢીયાળામાં નશામાં ધૂત ટ્રક ચાલકે પુલની રેલિંગ અને CCTV કેમેરા તોડી રૂ. ૧.૧૦ લાખનું નુકસાન કર્યું

ચલાલા, તા.૧૪

નાના સમઢીયાળા ગામના બસ સ્ટેન્ડ પાસે એક નશામાં ધૂત ટ્રક ચાલકે ભારે હોબાળો મચાવ્યો હતો. ટાટા કંપનીનું ટ્રક લઈને પૂરપાટ ઝડપે નીકળેલા ચાલકે બેફામ રીતે વાહન ચલાવી સરકારી મિલકતને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગતો અનુસાર, રાજુલામાં રહેતા દેવશીભાઈ હાદાભાઈ ચૌહાણ (ઉવ.૫૩) પોતાના હવાલાવાળું ટાટા કંપનીનું ટ્રક અત્યંત બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી રહ્યો હતો. નાના સમઢીયાળા ગામના બસ સ્ટેન્ડ પાસે ટ્રક પરનો કાબૂ ગુમાવતા ટ્રક સીધો પુલની રેલિંગ અને ઈલેક્ટ્રિક થાંભલા સાથે અથડાયો હતો. અકસ્માત સમયે ચાલક કેફી પીણું પીધેલી હાલતમાં હતો.

આ અકસ્માતમાં ટ્રકની ટક્કરથી પુલની સંરક્ષણ રેલિંગ તૂટી ગઈ હતી. ઈલેક્ટ્રિક થાંભલા પર લગાવેલા સીસીટીવી કેમેરા પણ ટ્રકની અડફેટે આવતા કચડાઈ ગયા હતા. આરોપીએ આશરે રૂ. ૧,૧૦,૦૦૦ જેટલું સરકારી મિલકતને નુકસાન પહોંચાડ્યું હતું. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીરાજભાઈ પ્રતાપભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી નજીક અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ ઈજાગ્રસ્ત

અમરેલી,તા.૧૪



ધારી-અમરેલી રોડ પર આવેલા જસાપરા પાટિયા પાસે આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ માર્ગ પરથી પસાર થઈ રહેલું એક એક્ટિવા અચાનક ચાલકના કાબૂ બહાર જઈને સ્લીપ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં એક્ટિવા પર સવાર બે મહિલાઓ અને એક માસૂમ બાળક સહિત કુલ ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

# સરકારી નોકરી અને કેસ પતાવવાની લાલચ આપી રૂ. ૧૨.૩૦ લાખની ઠગાઈ

**અમરેલી તાલુકા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

અમરેલી, તા.૧૪

એક રીઢા ઠગબાજે પોતાની ખોટી ઓળખ આપીને નિર્દોષ નાગરિક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી હતી. આ અંગે સરંભડા ગામે રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા પ્રવિણભાઈ નાનજીભાઈ દાફડા (ઉ.વ.૪૨) એ સાવરકુંડલામાં રહેતા ગુણવંતભાઈ ઉર્ફે ગૌતમભાઈ ગોવિંદભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેમની સામે પોતાની ઓળખ પવનચક્કી વિભાગના ઉચ્ચ અધિકારી તરીકે આપી હતી. તેણે તેમનો એવો પણ વિશ્વાસ અપાવ્યો હતો કે તેને અનેક સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે સીધા સંપર્કો છે. આ ઉપરાંત તેમની પર દીવ પોલીસ મથકે નોંધાયેલ કેસમાં પતાવટ કરી દેવાની ખાતરી આપી આરોપીએ તેમનો વિશ્વાસ જીત્યો હતો. ઠગબાજે ફરિયાદીના સંતાનોને વન વિભાગ અને રેલવે વિભાગમાં સરકારી નોકરી અપાવવાની લાલચ આપી હતી. વિશ્વાસ બેસાડવા માટે તેણે નોકરીના નકલી ઓર્ડરો પણ બતાવ્યા હતા. આ તમામ કામો કરાવી આપવાના બહાને આરોપીએ ફરિયાદી પાસેથી અલગ-અલગ સમયે કુલ રૂ. ૧૨,૩૦,૦૦૦ મેળવી લીધા હતા. છેવટે, કોઈ કામ ન થતા અને નોકરીના ઓર્ડરો ખોટા હોવાનું માલૂમ પડતા તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં મોરારીબાપૂની રામકથામાં શિવાગૃપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો




બગસરા,તા.૧૪

બગસરા ખાતે મોરારીબાપુની રામકથાના આઠમા દિવસે ભાવિકોનો અભૂતપૂર્વ પ્રવાહ ઉમટી પડ્યો હતો, આ પવિત્ર અવસરે ભક્તિની સાથે સામાજિક સેવાનો ઉત્તમ સમન્વય જોવા મળ્યો હતો. શિવા ગ્રુપ દ્વારા આ પવિત્ર ભૂમિ પર રક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથા સાંભળવા આવેલા અનેક શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરીને માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શિવા ગ્રુપના પ્રમુખ નિતેશભાઈ ડોડીઆએ માહિતી આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૪૩૮ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૬૦૬ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૦૨૦ |
| બાજરી | ૨૨૫ | ૩૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૨૨ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૬૪ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૭૨૦ |
| અડદ | ૯૨૦ | ૧૬૯૦ |
| મગ | ૯૦૦ | ૧૫૯૫ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૧૨ |
| વટાણા | ૮૨૦ | ૧૨૦૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૬૭૦ |
| સીંગદાણા | ૧૩૨૬ | ૧૭૯૦ |
| મગફળી જાડી | ૧૦૫૩ | ૧૫૮૪ |
| મગફળી જીણી | ૧૦૭૦ | ૧૫૩૦ |
| તલી | ૧૫૨૦ | ૨૧૧૮ |
| સુરજમુખી | ૮૩૫ | ૧૫૧૬ |
| એરંડા | ૧૨૦૬ | ૧૨૮૨ |
| અજમો | ૧૮૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૭૬ |
| સીંગફાડા | ૧૨૮૦ | ૧૬૦૦ |
| કાળા તલ | ૩૦૨૪ | ૪૧૭૪ |
| લસણ | ૯૫૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૮૫૦ | ૨૨૦૦ |
| મરચા સુકા | ૩૦૦૦ | ૭૬૦૦ |
| ધાણી | ૧૯૦૦ | ૨૭૦૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૭૩૦ |
| જીરૂ | ૩૫૦૫ | ૪૧૧૧ |
| રાય | ૧૦૦૦ | ૧૩૧૦ |
| મેથી | ૮૧૦ | ૧૪૬૫ |
| અશેરીયો | ૧૦૦૮ | ૧૨૩૬ |
| કલોંજી | ૩૧૫૦ | ૩૯૮૧ |
| રાયડો | ૯૫૦ | ૧૧૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૯૧૩ | ૧૪૨૮ |
| લીંબુ | ૧૫૦૮ | ૩૦૦૯ |
| સાકરટેટી | ૨૩૧ | ૩૪૮ |
| તરબુચ | ૩૪૧ | ૫૩૨ |
| પપૈયા | ૮૨ | ૧૬૮ |
| બટેટા | ૬૨ | ૨૪૬ |
| ડુંગળી સુકી | ૫૩ | ૨૨૫ |
| ટમેટા | ૧૮૨ | ૩૧૪ |

| | | |
|---|---|---|
| સુરણ | ૯૮૧ | ૧૧૪૮ |
| કોથમરી | ૨૦૬ | ૩૧૧ |
| સકરીયા | ૪૮૫ | ૭૧૧ |
| મુળા | ૩૧૯ | ૫૩૬ |
| રીંગણા | ૨૪૯ | ૫૧૨ |
| કોબીજ | ૬૧ | ૧૨૦ |
| ફ્લાવર | ૨૦૧ | ૩૫૨ |
| ભીંડો | ૭૩૯ | ૧૧૯૮ |
| ગુવાર | ૭૧૧ | ૧૪૧૭ |
| ચોળાસીંગ | ૭૧૨ | ૯૮૯ |
| વાલોળ | ૪૭૯ | ૭૧૩ |
| ટીંડોળા | ૩૬૯ | ૮૦૧ |
| દુધી | ૮૩ | ૧૨૯ |
| કારેલા | ૬૨૮ | ૮૩૫ |
| સરગવો | ૩૭૯ | ૭૪૩ |
| તુરીયા | ૪૬૭ | ૭૪૧ |
| પરવર | ૧૨૦૫ | ૧૬૧૧ |
| કાકડી | ૨૨૨ | ૫૦૭ |
| ગાજર | ૧૯૧ | ૩૧૪ |
| વટાણા | ૩૩૫ | ૫૪૦ |
| ગલકા | ૨૭૮ | ૫૫૮ |
| બીટ | ૧૧૧ | ૨૧૨ |
| મેથી | ૧૮૧ | ૨૮૯ |
| વાલ | ૭૧૨ | ૯૨૧ |
| ડુંગળી લીલી | ૨૧૧ | ૩૨૯ |
| આદુ | ૧૦૨૭ | ૧૨૧૨ |
| મરચા લીલા | ૫૩૮ | ૮૪૧ |
| લસણ લીલું | ૮૦૯ | ૧૧૨૬ |
| મકાઇ લીલી | ૧૨૪ | ૨૦૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૯૧ | ૧૫૯૬ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૭૦૦ |
| મગફળી જીણી | ૧૧૮૧ | ૧૫૫૬ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૧૧ |
| એરંડા/એરંડી | ૧૧૯૧ | ૧૨૮૬ |
| તલ કાળા | ૧૮૦૦ | ૪૦૫૧ |
| જીરૂ | ૨૨૫૧ | ૪૨૬૧ |
| વરીયાળી | ૧૬૭૬ | ૧૬૭૬ |
| ધાણા | ૧૨૫૧ | ૨૨૫૧ |
| મરચા સૂકા પટ્ટા | ૧૩૦૧ | ૧૯૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૩૮૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૫૬ |
| અડદ | ૧૦૭૧ | ૧૫૬૧ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૦૦૦ | ૧૫૩૧ |
| રાયડો | ૧૧૦૧ | ૧૧૩૧ |
| રાય | ૧૦૮૧ | ૧૨૨૧ |
| મેથી | ૮૨૧ | ૧૨૫૧ |
| કાંગ | ૪૦૧ | ૫૪૧ |
| મરચા | ૧૧૦૧ | ૬૯૦૧ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૩૧ |
| મગફળી ૬૬ | ૧૩૦૦ | ૧૪૯૬ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૦૪૧ |
| ધાણી | ૧૩૫૧ | ૨૮૨૬ |
| મરચા સૂકા ઘોલર | ૨૧૦૧ | ૧૨૯૦૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૭૧ |
| બાજરો | ૩૦૧ | ૩૫૧ |
| જુવાર | ૭૦૧ | ૧૦૮૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૧૩૦૧ | ૧૮૭૧ |
| વાલ | ૭૦૧ | ૧૦૯૧ |
| વાલ પાપડી | ૧૫૭૬ | ૧૭૪૧ |
| ચોળા / ચોળી | ૨૦૧ | ૭૧૧ |
| સોયાબીન | ૯૨૧ | ૧૦૫૧ |
| ગોગળી | ૭૪૧ | ૧૨૧૧ |
| વટાણા | ૭૨૧ | ૯૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૩૬૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૫૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૩૦૦ | ૮૪૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |

| | | |
|---|---|---|
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| અલાવિપન | ૧૦ | ૨૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૩ | ૧૨ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧ | ૩ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૪૧૫ | ૧૪૧૫ |
| શિંગ ગીરનાર | ૧૪૪૦ | ૧૪૪૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૫૦૦ |
| શિંગ દાણા | ૧૫૫૦ | ૧૫૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૨૪૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૯૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૨૦૦ |
| તલ કાશમીરી | ૧૯૪૦ | ૧૯૪૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૬૧૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૩૦ |
| ચણા | ૮૯૦ | ૧૦૪૦ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૦૦૫ |
| સફેદ ચણા | ૯૫૫ | ૧૧૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૫૦૫ |
| કપાસ | ૯૦૦ | ૧૬૩૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૨૮૫ |
| જીરૂ | ૨૦૩૦ | ૪૦૫૦ |
| રાયડો | ૮૧૦ | ૧૦૨૦ |
| રાય | ૧૦૯૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૭૫૦ | ૨૦૮૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૫૭૫ |
| અજમા | ૨૨૫૦ | ૨૨૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |
| મરચા લાંબા | ૧૧૯૦ | ૬૬૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| ફુલાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૮૦ | ૧૧૦ |
| શક્કરિયા | ૩૦૦ | ૩૭૦ |
| ટમેટા | ૨૫૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૩૦ |
| ગાજર | ૨૦૦ | ૩૨૦ |
| દૂધી | ૧૩૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૨૦ |
| કાકડી | ૨૦૦ | ૩૫૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૨૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૩૦ |
| વટાણા | ૬૦૦ | ૯૦૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૪૫૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૩૦ |
| ભીંડો | ૭૨૦ | ૮૩૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૮૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| સરગવો | ૨૦૦ | ૨૯૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૯૦૦ |
| મરચા લાલ | ૧૧૨૦ | ૧૨૭૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૧૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૬૪૦ |
| લસણ સૂકું | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૧૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૩૫૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૩૫ | ૧૬૧૯ |
| કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૪૨૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૩૨૫ |
| જીરૂ | ૩૧૪૦ | ૪૨૭૦ |
| ચણા | ૧૦૧૪ | ૧૦૩૦ |
| ઘઉં | ૪૭૯ | ૫૨૧ |
| ધાણા | ૧૫૭૦ | ૨૧૫૦ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૨૩૫ | ૧૪૧૫ |
| **ધારી** | | |
| ઘઉં | ૩૮૧ | ૪૩૪ |
| ચણા | ૯૫૦ | ૧૦૨૬ |
| તુવેર | ૧૦૨૫ | ૧૪૭૫ |
| છોલે ચણા | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ધાણા | ૧૯૩૦ | ૧૯૩૦ |
| વાલ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૩૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૨૫ | ૧૪૪૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૦ | ૫૭૯ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૨ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૫ |
| રાય | ૧૦૨૫ | ૧૨૧૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૦૨ |
| મેથી | ૯૮૦ | ૧૧૦૨ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૧૮ |
| જુવાર | ૭૫૦ | ૧૦૫૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૩૯ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૭૨૬ |
| સોયાબીન | ૯૩૦ | ૧૦૭૨ |
| ધાણા | ૧૪૩૦ | ૧૯૨૮ |
| કપાસ | ૧૧૯૬ | ૧૫૫૦ |
| કાંગ | ૪૨૫ | ૫૧૭ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૬૮ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૪૫ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૨૩ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૧ |
| ધાણા | ૧૧૩૫ | ૨૦૦૦ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૪૨૦ |
| તુવેર | ૮૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| મગફળી | ૯૭૦ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૬૬૦ | ૧૬૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૧૦૧૪ |
| અડદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણી | ૨૬૫૧ | ૨૬૫૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૦૧ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૫૧ | ૪૭૭ |
| ચણા | ૮૫૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૯૬૬ | ૧૨૨૧ |
| શિંગફાડા | ૧૨૦૧ | ૧૪૩૬ |
| કલોજી | ૩૨૦૬ | ૩૬૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૧૧ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૩૧૦ | ૧૪૫૨ |
| શિંગ મોટી | ૧૩૫૦ | ૧૪૯૯ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૫૧૨ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૭૧ |
| કપાસ | ૧૩૭૫ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૮૬ |
| બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| જુવાર | --- | ૧૧૫૦ |
| મકાઇ | ૪૦૦ | ૬૦૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૧ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૨૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૫૬ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| રાય/ રાયડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૮૫૦ | ૨૨૨૫ |
| સોયાબીન | --- | ૯૬૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૪૦૦ | ૬૦૦ |
| બાજરો | ૩૨૦ | ૪૯૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૪૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૭૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૪૭૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૪૬૫ |
| તલ | ૧૮૦૦ | ૧૮૩૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૯૦ |
| રાય | ૧૦૫૦ | ૧૩૨૫ |
| લસણ | ૮૨૦ | ૧૨૭૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૩૫ |
| જીરૂ | ૧૨૦૦ | ૪૨૩૦ |
| અજમો | ૨૧૦૦ | ૩૦૨૦ |
| અજમાની ભુસી | ૨૦ | ૧૮૪૦ |

| | | |
|---|---|---|
| ધાણા | ૧૬૮૦ | ૨૦૬૦ |
| ધાણી | ૧૭૧૦ | ૨૫૨૦ |
| મરચા | ૧૬૦૦ | ૫૭૦૦ |
| ડુંગળી | ૪૦ | ૨૨૦ |
| વટાણા | ૭૦૦ | ૯૫૫ |
| રાજમા | ૬૦૦ | ૧૨૨૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૩૨૬ | ૯૯૦ |
| બાજરી | ૩૩૩ | ૬૭૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૭૭૧ |
| સોયાબીન | ૧૦૮૧ | ૧૦૮૧ |
| રાય | ૧૨૮૬ | ૧૩૫૦ |
| મગ | ૭૭૭ | ૭૭૭ |
| ધાણા | ૯૦૦ | ૨૨૫૦ |
| ચણા | ૭૨૮ | ૧૦૬૩ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૨૧ |
| તલ કાળા | ૧૮૨૦ | ૧૮૨૦ |
| તુવેર | ૪૪૦ | ૧૫૨૧ |
| મેથી | ૫૦૧ | ૧૪૪૨ |
| ડુંગળી લાલ | ૭૦ | ૨૧૫ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૩૦૦ |
| નાળીયેર | ૪૮૦ | ૨૨૮૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૮૫ |
| ચણા | ૯૮૫ | ૧૦૧૮ |
| જુવાર સફેદ | ૯૮૦ | ૧૦૭૦ |
| તુવેર | ૧૪૨૪ | ૧૫૦૦ |
| ધાણા | ૧૧૦૫ | ૧૯૨૬ |
| બાજરો | ૪૧૧ | ૫૭૨ |
| ઘઉં | ૩૩૬ | ૪૭૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૫૧ | ૧૧૫૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| બાજરો | ૩૦૦ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૦ |
| જુવાર | ૫૩૦ | ૧૦૮૩ |
| મગ | ૨૭૦૧ | ૨૭૦૧ |
| તુવેર | ૯૦૦ | ૧૪૭૫ |
| ચણા | ૯૮૧ | ૧૦૨૩ |
| જીરૂ | ૩૯૩૯ | ૩૯૩૯ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૨૬ |
| સોયાબીન | ૬૧૩ | ૯૨૫ |
| રાય | ૯૦૦ | ૧૨૪૧ |

# ભારતની વિદેશ નીતિ અત્યારે લવચિક છે તેટલી ક્યારેય નહોતી !



તાજેતરમાં ભારતે ઈરાનના વિષય પર ગુલાંટ મારી. ઈરાનના ચાબહાર બંદરને નિધિ બંધ કરી. તે પણ યુદ્ધ પહેલાં, ૧ ફેબ્રુઆરીએ વહી ખાતું પ્રસ્તુત થયું ત્યારે. વહી ખાતું ૧ ફેબ્રુઆરીએ તૈયાર થાય તેનો અર્થ એ નથી કે તે ૩૧ જાન્યુઆરીએ જ તૈયાર થયું હશે. તેની તૈયારીમાં એકાદ મહિનો તો ઓછામાં ઓછો ગયો જ હોય. અને એટલે ૨૮ ફેબ્રુઆરીએ ઈઝરાયેલ-અમેરિકાએ ભેગા મળીને ઈરાનના સર્વોચ્ચ વડા આયાતોલ્લાહ ખામેનેઈને દોઝખશરણ કરી દીધા તેના બે મહિના પહેલાં ભારતને અણસાર હોવો જોઈએ.

ઈરાન ભારતનું મિત્ર છે અને અમેરિકા મોદી સરકારને ઉથલાવવા માટે આકાશપાતાળ એક કરે છે તે બધી વાતો બોદી, વણસમજી, અધકચરી છે. ઈરાન ભારતનું મિત્ર ગાઢ નહોતું. આવું ગાઢ મિત્ર તો રશિયા જ્યારે સોવિયેત સંઘ હતું ત્યારેય નથી રહ્યું, ભલે વડાપ્રધાન મોદી સ્વયં રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનની ઉપસ્થિતિમાં દાયકાઓ જૂની મિત્રતાના ગુણગાન ગાતા હોય (એ ગાવા પડે, આપણેય કોઈ મહાનુભાવ મળવા આવે કે મળે ત્યારે નથી સ્તુતિગાન કરતા?) પરંતુ ૧૯૬૫ના પાકિસ્તાન યુધ્ધ સમયે સોવિયેત સંઘે અમેરિકાને નીચું પાડવા પાકિસ્તાન તરફી ઝૂકી જઈને અને વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના મૃત્યુનું કારણ થવા દઈને ભારતને છેહ જ દીધો હતો.

ઈરાનના ખામેનેઈએ ૨૦૧૯માં ભારતે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાંથી અનુચ્છેદ ૩૭૦ દૂર કરી બે કેન્દ્રશાસિત પ્રદેશો બનાવ્યા ત્યારે કે પછી દિલ્લી ૨૦૨૦ની સીએએ વિરોધી મુસ્લિમો દ્વારા હિંસા સમયે ભારત વિરોધી વલણ લઈ કટ્ટર મુસ્લિમોનો સાથ આપ્યો હતો. ઈ. સ. ૧૯૬૫ અને ઈ. સ. ૧૯૭૧ના યુધ્ધ સમયે તેમજ ૨૦૨૫ના ઑપરેશન સિંદૂર સમયે પાકિસ્તાનને સહાય કરી હતી.

ખામેનેઈના પિતા આયાતોલ્લાહ ખોમૈની ઈ. સ. ૧૯૭૯માં સત્તામાં આવ્યા ત્યારે ઈસ્લામિક દેશોના તારણહાર બનવા માટે તેમણે વધુ કટ્ટરતા અપનાવી હતી. સલમાન રશ્દીની નવલકથા 'સેતાનિક વર્સીસ' સામે જો ફતવો બહાર ન પાડ્યો હોત તો જે અભણ છે કે અંગ્રેજી નથી જાણતા તેવા મુસ્લિમોને ખબર પણ ન પડી હોત. પરંતુ તેનાથી ભારતમાં મુસ્લિમોમાં કટ્ટરતા ભડકી. કારણ વગર (અત્યારે જેમ ખામેનેઈ મર્યા તેના લીધે ભારતમાં હિંસક પ્રદર્શનો શિયાઓએ કર્યા તેમ) હિંસક પ્રદર્શનો થયાં.

અગાઉ ઑલરેડી શાહબાનો કેસ પર સુન્ની કટ્ટરતાની આગ જાગેલી હતી પરંતુ સલમાન રશ્દી પછી તેમાં શિયા વડાએ પેટ્રોલ નાખતા ભારતમાં સરવાળે સમગ્ર મુસ્લિમોમાં કટ્ટરતાનું મોજું ફરી વળ્યું. તેમાં ભળ્યું તુષ્ટિકરણનું તેલ ! કૉંગ્રેસે શરૂઆત કરી. તેના વિરોધમાં, કૉંગ્રેસમાંથી જ બળવો કરીને નીકળેલા વિશ્વનાથ પ્રતાપસિંહ, ચંદ્રશેખર વગેરેએ બનાવેલા જનતા દળ અને તેમાંથી સર્જાયેલા મુલાયમસિંહ યાદવના સમાજવાદી પક્ષ, લાલુપ્રસાદ યાદવના રાષ્ટ્રીય જનતા દળ, રામવિલાસ પાસવાનની લોકજનશક્તિ પાર્ટી, જય ભીમ-જય મિમના સહારે સત્તા મેળવવા માગતા કાંશીરામ-માયાવતીના બસપ, અને ડાબેરી પક્ષો તો હોય જ, એ બધાએ મુસ્લિમ તુષ્ટિકરણનો ભૂંડો ખેલ શરૂ કર્યો.

તેની પ્રતિક્રિયા રૂપે હિન્દુઓમાં રોષ જાગ્યો એટલે રાજીવ ગાંધીએ આવી રહેલી ચૂંટણી જીતવા શ્રી રામમંદિરનો શિલાન્યાસ થવા દીધો. શ્રી રામમંદિરનું આંદોલન વેગીલું બન્યું. અટલજીનો અંત્યોદયવાદી-નહેરુ બ્રાન્ડ રાજકારણવાળો ભાજપ અડવાણીજીના નેતૃત્વમાં હિન્દુત્વના રાજકારણ તરફ વળ્યો જેમાં તેને સફળતા મળી. ૧૯૮૫ પહેલાં કૉંગ્રેસ મુસ્લિમ તુષ્ટિકરણ કરતી હતી પરંતુ ૧૯૮૦ના દાયકામાં જે રીતનું તુષ્ટિકરણ શરૂ થયું અને પછી ઈફ્તાર પાર્ટીઓ શરૂ થઈ તે આગળ જ વધતું ગયું.

આ તરફ પાકિસ્તાનમાં ઝિયા ઉલ હકે ઈ. સ. ૧૯૮૦ના દાયકામાં કટ્ટરતાને આગળ વધારી અને શરિયતના નિયમો લાગુ કરી દીધા. પાકિસ્તાનમાં રાજકારણમાં સફળ થવું હોય તો સિંધી મુસ્લિમ પરિવારની બેનઝીર ભુટ્ટોએ પણ કટ્ટરતાને હવા આપવી પડે અને ભારત સામે કાશ્મીર મુદ્દે હજારો વર્ષ સુધી યધ્ધ લડતા રહીશું તેમ કહેવું પડે. ઝિયા ઉલ હક વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામે તો તેની પ્રતિક્રિયા કાશ્મીરમાં સુન્નીઓ શિયાઓની સામે હિંસા કરીને આપે ! કારણકે તેમને શંકા હતી કે શિયાઓએ ઝિયા ઉલ હકની હત્યા કરાવી છે કારણકે ઝિયા મર્યા ત્યારે શિયાઓની હત્યાનો ખેલ ચરમસીમાએ પહોંચી ચૂક્યો હતો. પાકિસ્તાનમાં પણ ઝિયા મર્યા તે પહેલાં તો કટ્ટર સુન્નીઓ જોરમાં આવીને શિયાઓની હત્યા કરતા જ હતા પણ ઝિયા મર્યા પછી તો શિયાઓની દશા કફોડી થઈ ગઈ. આજેય ગત ૬ ફેબ્રુઆરી ૨૦૨૬એ ઈસ્લામાબાદમાં શિયા મસ્જિદ બહાર બૉમ્બ ધડાકામાં ઓછામાં ઓછા ૩૧ શિયાઓ માર્યા ગયા તેવા બૉમ્બ ધડાકા થાય છે.

આ બધું ખોમૈનીના પ્રતાપે. અને તમે કટ્ટરતા કેવી તીવ્ર અને કેટલી લાંબી ચાલે છે તે જુઓ. સલમાન રશ્દીની હત્યા કરવાની છે તેવો ખોમૈનીનો ઈ. સ. ૧૯૮૯નો આદેશ કટ્ટર મુસ્લિમ ૩૩ વર્ષ પછી નહોતો ભૂલ્યો અને ૧૨ ઑગસ્ટ ૨૦૨૨ના દિને ન્યૂ યૉર્કમાં તેમના પર ચાકૂના અનેક ઘા મારી ગંભીર ઈજાગ્રસ્ત કરી દીધા. આ બધું કોના કારણે? ખોમૈની. યાદ રહે, મુસ્લિમ સલમાન રશ્દી પર ચાકૂના ઘા મારનાર એક મુસ્લિમ જ હતો. શિયાઓ જેને માને છે તે ઈમામ હુસૈને તે ઈમામ હુસૈનની હત્યા કરનારા મુસ્લિમ જ હતા. અત્યારે ઈરાનમાં ઈઝરાયેલ-અમેરિકા ભેગા મળી આક્રમણો કરે છે ત્યારે ૫૩માંથી ઈરાનને બાદ કરો તો બાકીના ૫૧ દેશો ચૂપ છે. અને ઈરાને પણ ઈઝરાયેલ-અમેરિકાના આક્રમણનો ઉત્તર ક્યાં આક્રમણ કરીને આપ્યો? અમેરિકામાં? ના. ઈઝરાયેલમાં તેણે આક્રમણો કર્યાં, પણ તેને બાદ કરતાં બીજાં આક્રમણો તો સાઉદી, યુએઈ, કુવૈત, કતાર, બહરૈન, ઈરાક, જૉર્ડન, તુર્કીમાં.

ભારતમાં શિયાઓ ગાઝાના સુન્ની મુસ્લિમો હમાસ મારફતે ઈઝરાયેલ સામે ત્રાસવાદ ફેલાવે અને સાત ઑક્ટોબર ૨૦૨૩એ બર્બર હિંસાનું ક્રૂર પ્રદર્શન કર્યું તેવું કરે તેના ઉત્તરમાં ઈઝરાયેલ ત્રાટકે ત્યારે ગાઝા, ગાઝા મંડી પડે છે. પાકિસ્તાનમાં શિયાઓની હત્યા થાય ત્યારે ભારતના શિયા મુસ્લિમોને પોતાના જાતભાઈઓ પ્રત્યે સંવેદના નથી જાગતી. પણ ઈરાનના કટ્ટર ખામેનેઈએ ઈરાનમાં જ શિયા મહિલાઓની જે સ્થિતિ કરી, મહસા અમીની સહિત અનેક મુસ્લિમ મહિલાઓ તેનો હિંસક શિકાર બની, મોંઘવારી વધી તો ઈરાનમાં વિદ્રોહ થયો ત્યારે અનેકો જાતભાઈઓને મરાવી નાખ્યા તે ભૂલી જઈ ભારતના શિયા મુસ્લિમો ખામેનેઈ માટે અહીં હિંસક તોડફોડ કરે છે.

પરંતુ ભારતે ૧ ફેબ્રુઆરીના વહીખાતા દ્વારા ઈરાન સાથે અંતર વધારી દીધું. (પણ માનવાતાભર્યું વલણ બંધ નથી કર્યું. તાજેતરમાં ઈરાનના જહાજ આઈરિશ લવાનને ભારતના કોચીમાં લાંગરવા દઈ ૧૮૩ ખલાસીઓને ભારતે બચાવ્યા જ અને જે જહાજ ડેને અમેરિકાએ ફૂંકી માર્યું તે આંતરરાષ્ટ્રીય જળ સીમામાં હતું) વડા પ્રધાન મોદીજી ઈરાન પર ઈઝરાયેલ-અમેરિકાના આક્રમણના બે જ દિવસ પહેલાં ઈઝરાયેલ હતા અને ૧૧૨ ઈંચની છાતી સાથે હમાસના ત્રાસવાદી આક્રમણો બાબતે 'જો' અને 'તો' ઈઝરાયેલને સમર્થન આપતા હતા. એટલું જ નહીં, ઈરાન પર આક્રમણ પછી બહુ ઓછા દેશો ઈઝરાયેલ પડખે ઊભા રહેશે તેવી સ્થિતિમાં ઈઝરાયેલ સાથે સંરક્ષણ અને ટૅક્નોલૉજી, ખેતીમાં ઈનૉવેશન સેન્ટર, ઈઝરાયેલમાં ભારતીય શ્રમિકોને કામ વગેરે અનેક સમજૂતીઓ કરીને આવ્યા. સ્મરણ રહે કે અત્યારે અમેરિકાને કૃપાનિધાન અને ભારતને મૌન કહેનારા વાંકદેખુ કલમઘસુઓ ભૂલી જાય છે કે અત્યાર સુધી અમેરિકાના વિરોધ છતાં ઈરાન પાસેથી તેલ ખરીદવા સહિત ચાબહાર બંદરના વિકાસ વગેરે બાબતે સક્રિય નીતિ ચાલુ જ હતી. આ બાબતે યુપીએ સરકારના વડા પ્રધાન મનમોહનસિંહની પણ પ્રશંસા કરવી પડે જેમણે અમેરિકા જઈને અમેરિકાના ઈરાક પર યુધ્ધને ગંભીર ભૂલ ગણાવી હતી.

અને ૨૦૨૦માં ડાબેરી અને ડીપ સ્ટેટના ખાસ જો બાઈડેન સત્તામાં આવ્યા પછી ભારતમાં મોદી સરકારને ઉથલાવવા માટે જે પ્રયાસો થયા તે છૂપા નથી. ચાહે તે ખેડૂત આંદોલન હોય કે લદ્દાખમાં સોનમ વાંગચુક (અમેરિકાના લેફ્ટ-લિબરલો તેના તરફીઓને ટાઈમ્સ જેવા મેગેઝિનમાં પહેલાં પ્રમૉટ કરી દે છે, પછી તે સોનમ વાંગ્ચુક હોય કે નેપાળના બાલેન્દ્ર શાહ કે પછી કેજરીવાલ)નું આંદોલન હોય, સુપારી સંસ્થા હિંડનબર્ગનો અદાણી સામેનો અહેવાલ હોય કે પછી અમેરિકાના રાજદ્વારીઓનું ૨૦૨૪ની ચૂંટણી પહેલાં વિપક્ષના નેતાઓને મળવું હોય. આ બધા સામે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઝીંક ઝીલી છે. અને વટ કે સાથ ૨૦૨૪માં ભલે ૨૪૦ તો ૨૪૦ બેઠક સાથે સત્તામાં ત્રીજી વાર પુનરાગમન કર્યું છે.

ડૉનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૬ વખતે જેવા હતા તેવા ૨૦૨૪ની અવધિમાં નથી. તેમની વિવશતા છે. 'અમેરિકાને ફરીથી મહાન' બનાવવાના વચન સાથે તેઓ સત્તામાં આવ્યા છે. એટલે એ સીમા શુલ્ક ઝીંકે તેમાં આપણા લોકો તેમને ગાંડિયા કહી શકે છે. પરંતુ તે તેમની દેશની નીતિ છે. અને આ સીમા શુલ્ક ઝીંકાયા ત્યારે પણ અમેરિકાના કૃષિ અને ડેરી ઉદ્યોગોને તેમજ ઊર્જા બાબતે મોદીજીએ મચક નથી આપી. આથી ટ્રમ્પ વારંઘડીએ એવી જાહેરાતો કરતા રહે છે જેના કારણે ભારતના મોદી દ્વેષમાં ભારત વિરોધી થઈ ગયેલા લોકો કહે છે કે ભારત (એટલે મોદી) ટ્રમ્પને શરણે થઈ ગયા છે.



વિચાર વલોણું
જયવંત પંડ્યા

દા. ત. ઑપરેશન સિંદૂરને ભારતે પાકિસ્તાનની વિનંતી પર અટકાવી દીધું, તેના મુદ્દે ટ્રમ્પ અનેક વખત પોતે યુદ્ધ અટકાવ્યાનું વાજુ વગાડી ચૂક્યા છે. અત્યારે રશિયા પાસેથી તેલ ખરીદવા અમેરિકાએ ૩૦ દિવસની છૂટ આપી છે તેવું પણ વાજું વગાડી ચૂક્યા છે.

જેમ મનમોહનસિંહના શાસનમાં ભારતે લુક ઈસ્ટ નીતિ અપનાવી હતી તેમ નરેન્દ્ર મોદી શાસનમાં એક્ટ ઈસ્ટની નીતિ અપનાવી છે. મનમોહનસિંહ શાસનમાં ભારત અમેરિકા પ્રત્યે વધુ ઝૂક્યું હતું. પરંતુ મોદી શાસનમાં ભારત સમય સંજોગો અનુસાર અમેરિકા, ચીન, ફ્રાન્સ અને રશિયા સાથે પોતાની મિત્રતા વધારે-ઘટાડે છે. ચીન જો ડોકલામ અને ગલવાનમાં ૨૦૨૦માં સળી કરવા આવે તો તેને વીર સૈનિકો તો ઉત્તર આપે જ, પરંતુ વેપાર-ધંધામાંય ફટકો પાડે. વડા પ્રધાન ૨૦૨૦થી લાલ કિલ્લા પરથી આત્મનિર્ભર થવા અને 'વૉકલ ફૉર લૉકલ' થવા અને દર મહિને 'મન કી બાત'માં તો સતત આ બાબતનું સ્મરણ કરાવતા રહે છે. ટિકટૉક સહિતની ઍપ પર ડિજિટલ સ્ટ્રાઈક તો થઈ જ છે. પરંતુ જ્યારે ગલવાન અને લદ્દાખ સીમાએથી ચીને સૈનિકો હટાવ્યા પછી તેની સાથે સંબંધો ન અતિ, ન અલ્પના ન્યાયે સ્થાપી દીધા.

યુક્રેઈન-રશિયા યુદ્ધમાં તટસ્થ નીતિ અપનાવી પરંતુ રશિયા પાસેથી તેલ ખરીદી રિફાઈન કરી યુરોપને વેચી કમાણી કરી લીધી. આ કહેવાય વાણિયા નીતિ ! યુરોપ રશિયા પાસેથી તેલ ન ખરીદવા કહે તો વિદેશ પ્રધાન એસ. જયશંકર તેમની ભૂમિ પર જઈને સંભળાવી આવે કે પહેલાં તમે તેલ ખરીદવાનું બંધ કરો. તમારા શત્રુ એ જગત આખાના શત્રુ એવું પહેલાં તમે થોપી શકતા હતા, હવે નહીં થોપી શકો.

આવું યુરોપને સંભળાવવા છતાં, જ્યારે ટ્રમ્પે 'ટેરિફ'ને શસ્ત્ર બનાવ્યું ત્યારે મોદીજીએ યુરોપના જ જર્મની, ફ્રાન્સ, યુકે, ઈયુ (યુરોપીય સંઘ) સાથે અને તે ઉપરાંત ડૉનાલ્ડ ટ્રમ્પ અત્યારે જેને શત્રુ બનાવી બેઠા છે તે કેનેડા સાથે વેપાર સમજૂતીઓ કરી. યુએઈના પ્રમુખ શૈખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નહયાન જાન્યુઆરી ૨૦૨૬માં ભારત આવીને વેપાર સમજૂતીઓ કરી ગયા. એ પછી જ ફેબ્રુઆરીમાં ધાંધા થયેલા ટ્રમ્પે ભારત સાથે વેપાર સમજૂતીની એકપક્ષીય જાહેરાત અમેરિકા બેઠાં કરી દીધી ! ભારતે તેને વધાવી પણ લીધી કારણકે સીમા શુલ્ક પચાસ ટકાથી ઘટાડી ૧૮ ટકા કરવાની વાત હતી. (હજુ તેના પર સહી તો થઈ જ નથી.) તેમ છતાંય રાહુલ ગાંધી સહિત વિપક્ષો અને તેમનાં 'વાયર્ડ' વાજિંત્રો કહે છે કે ભારત અમેરિકાને ઘૂંટણિયે પડી ગયું.

અને ડૉનાલ્ડ ટ્રમ્પ આવ્યા પછી ભારતને શું લાભ થયો એ પણ જોવું જોઈએ. ખાલિસ્તાનીઓનો ઉપદ્રવ લગભગ શાંત છે. ટ્રમ્પની ધમકી પછી કેનેડામાં ભારત વિરોધી જસ્ટિન ટ્રુડો અદૃશ્ય થઈ ગયા. માર્ક કાર્ની સત્તામાં આવ્યા અને તેમણે ભારત તરફી નીતિ અપનાવી. તેઓ ભારત પણ આવી ગયા. ટ્રમ્પે બાંગ્લાદેશમાં ભારતે જે કરવું તે કરવાની સત્તાવાર સાર્વજનિક રીતે ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫એ છૂટ આપી દીધી અને પરિણામ એ છે કે બાંગ્લાદેશમાં ડીપ સ્ટેટના માનીતા અને ભારત વિરોધી, હિન્દુ વિરોધી મોહમ્મદ યુનૂસના સ્થાને હવે ખાલિદા ઝિયાના પુત્ર તારીક રહેમાન વડા પ્રધાન બની ગયા છે. કટ્ટરપંથી જમાત-એ-ઈસ્લામી આટલા બધા ઉધામા છતાં સત્તામાં ન આવી શકી. જોકે તારીક રહેમાનથી પણ સાચવવું તો રહ્યું જ. તો બાજુના નેપાળમાં ચૂંટણીમાં વામપંથીઓનો સફાયો થઈ ગયો છે જે ચીન માટે ચૅક મેટ છે. શ્રીલંકામાં ચૂંટાયેલા પ્રમુખ અનુર કુમાર દિશાનાયકે ભલે માર્ક્સિસ્ટ હોય પરંતુ ભારત તરફી છે જ. પશ્ચિમે અફઘાનિસ્તાનમાં વૈચારિક વિરોધી, માનવતા વિરોધી છતાં પાકિસ્તાનની ખો કાઢવા માટે તાલિબાન સાથે સારા સંબંધ કર્યા છે. આથી તાલિબાન પાકિસ્તાનને રાતા પાણીએ રોવડાવે છે. તો, પાકિસ્તાનમાં બલોચોનો જુસ્સો પણ ઓછો નથી. 'ધૂરંધર' બલોચોની વાત કહેતી ફિલ્મ બને અને સેન્સર બૉર્ડમાંથી અનુમતિ પામે અને પાકિસ્તાનને (અને ભારતમાંના પાકિસ્તાન પ્રેમીઓને) મરચાં લાગી જાય.

આ બધા છતાં ભારતની વર્તમાન વિદેશ નીતિ બાબતે રોદણાં રોનારાને રોવા દેવાના, તેમને રૂમાલ પણ નહીં આપવાનો. મરચાંનો ધૂમાડો આપવાનો ! ■

jaywant.pandya@gmail.com

# વર્લ્ડકપ-રેકોર્ડ અને કરોડરજ્જૂ વિનાના નેતાઓ




ગત અઠવાડિયે ભારતે ઘરઆંગણે મર્યાદિત ૨૦ અવર્સનો ક્રિકેટ વિશ્વકપ ખિતાબ જીત્યો. આખો દેશ એ રાત્રે ઉજવણીમાં ડૂબી ગયો. અનેક રેકોર્ડ પ્રસ્થાપિત કરતા ભારતીય ટીમે ભારતને ગૌરવની ક્ષણોની ભેંટ આપી. આખો દેશ ઝૂમી ગયો. જીત્યા બાદ કેપ્ટન, કોચ અને બીસીસીઆઇ સચિવ જે મેદાન પર જીત્યા હતા એ નરેન્દ્ર મોદી સ્ટેડીયમના સંકુલમાં આવેલા હનુમાનજી મંદિરે ટ્રોફી લઈને ભગવાનનો આભાર માનવા ગયા. એ સ્વાભાવિક છે કે કોઈ ઉપલબ્ધી બાદ દરેક માણસ પોતાની આસ્થા જ્યાં હોય ત્યાં કૃતજ્ઞતા પ્રગટ કરવા પહોચી જાય છે. કોઈ નવી ગાડી લે, કોઈ નવું એકમ શરુ કરે કે નવું ઘર બંધાવે એ બધા કિસ્સામાં વ્યક્તિ પોતાની આસ્થા મુજબ માથું ટેકવે છે. વિષય ધર્મનો કે હિંદુ આસ્થાનો આવે એટલે હિન્દુસ્તાનમાં ચોક્કસ વર્ગને પેટમાં દુખવા લાગે છે. સેક્યુલરી સનકીઓને વારે વારે આવી સનક ઉપડે છે.

કીર્તિ આઝાદ કરીને એક ભૂતપૂર્વ ક્રિકેટર અને વર્તમાન રાજકારણી છે. જો કે બંને ક્ષેત્રોમાં એ નિષ્ફળ છે. ક્રિકેટમાં એક માત્ર ઉપલબ્ધિ એ છે કે ૧૯૮૩ના વર્લ્ડકપની વિજેતા ટીમના સદસ્ય હતા. જો કે એ વેસ્ટ ઈન્ડીઝ સામેની ફાઈનલ ઈનિંગમાં એમણે મીંડું મુકાવ્યું હતું અને આમ કરવાવાળા એ એકમાત્ર બેટ્સમેન હતા, બાકીના બધા બેટ્સમેનોએ સ્કોર કર્યો હતો. બોલિંગ કરેલા છ બોલરો પૈકીના એકમાત્ર હતા જેમને કોઈ વિકેટ મળી નહોતી બાકીના તમામ બોલરોએ વિકેટ લઈને ભારતને વિજય અપાવ્યો હતો. આમ બોલિંગ અને બેટિંગ બંનેમાં શૂન્યની ઉપલબ્ધિ ધરાવનારા એ એકમાત્ર ફાઈનલના ખેલાડી હતા. એ જ ધારાધોરણે એમણે રાજકારણમાં પણ ઘણી શૂન્યની ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરેલી છે. કોઈ પક્ષે હાંકી કાઢ્યા છે તો કોઈ પક્ષ છોડવો પડ્યો છે. કારકિર્દી શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં એમની આ ત્રીજી રાજકીય પાર્ટી છે. બે વખત પક્ષ બદલો કરી ગયા છે. એ નક્કી કરવું મુશ્કેલ છે કે એ ક્રિકેટમાં વધુ નિષ્ફળ રહ્યા હતા કે રાજનીતિમાં વધુ નિષ્ફળ છે? છતાં રાજકારણી હોવાના નાતે ફોગટ નિવેદનબાજી એમનો આપદ ધર્મ છે. એમણે કેપ્ટનના ટ્રોફી મંદિરમાં લઈ જવાના પગલાને ધર્મ સાથે જોડીને આખી ટીમ ઈન્ડિયાને શરમજનક કહી છે. તૃણમુલ કોંગ્રેસના સદસ્ય હોવાના નાતે એમનામાં હિન્દુદ્વેષ ભારોભાર હોય એ કલ્પી શકાય છે. પણ ભારતીય ટીમ અથાગ પ્રયત્નો અને દબાણ સહન કાર્ય બાદ આ ખીતાબની હકદાર બની છે. આખો દેશ વિજયનો હરખ કરે છે ત્યારે આવી બાબતનો વિવાદ ઉભો કરવાનો પ્રયત્ન કરીને એમણે પોતાના પક્ષની હિંદુ વિરોધી માનસિકતા છતી કરી છે. પોતાની તુચ્છ રાજનીતિ જીવંત રાખવા આવા હલકા નિવેદનો કીર્તિ આઝાદનું માનસિક સ્તર બતાવે છે.



રાજકીય રસધાર
પ્રવીણ માધાણી

ભારતની રાજનીતિમાં એક ચોક્કસ ખેમો છે જે હિંદુ આસ્થાને ઠોકરો મારીને પોતાની કારકિર્દી જીવંત રાખી રહ્યો છે, હિંદુ આસ્થાને તર્કશૂન્ય કુચેષ્ટા થકી અપમાનિત કરતા રહેવાની એમની આદત અને સ્વામિભક્તિ સાબિત કરતા રહેવાની મજબૂરી છે. કીર્તિ આઝાદ એમાના એક છે. હિંદુ તરીકે પેદા થવાની દોષભાવના માથા પર લઈને ફરનારી આ જમાત હિન્દુઓને ગાળો આપીને મોટા થઈ જવાની મંશા વર્ષોથી સેવી રહી છે. હિંદુઓ દરેક યુગમાં મીરઝાફર પેદા થઈ જવાની કીસ્મત લઈને આવ્યા છે. ઘસાઈ ગયેલ ઘૂંટણવાળા પેરેસાઈટીક નેતાઓ કતાર દર કતાર હિન્દુદ્વેષ લઈને હિંદુ ધર્મમાં પેદા થતા રહ્યા જ છે.

જે મુદ્દો પાકિસ્તાની મીડિયા ઉછાળી રહ્યું છે કે ટ્રોફીને ધર્મના રંગમાં રંગવાની શું જરૂર હતી એ જ અદલ મુદ્દો કીર્તિ આઝાદ જેવા નેતાઓ હિન્દુસ્તાનમાં ઉઠાવી રહ્યા છે. આ કોઈ પહેલી વખત નથી કે પાકીસ્તાન અને હિન્દુસ્તાનના નેતાઓનો સૂર એક જ રહ્યો હોય. આ પહેલા અનેકો વખત હિન્દુસ્તાનના ઘણા નેતાઓના નિવેદનો પાકિસ્તાની પાર્લામેન્ટમાં ગુંજી ચુક્યા છે. એક પાક લણાઈ જાય, ત્યારબાદ એ જ જમીનમાં બીજો ફેરબદલ પાક વવાઈ જાય છે. એ બીજા પાકને પાણી આપતા પહેલા પાકના છોડ ઉગી નીકળે છે, જેને કાઠીયાવાડમાં અરુડા કહે છે. અ-રૂડા એટલે જે રૂડા નથી લગતા તે એવો અર્થ થતો હશે. આ અ-રુડાને એવો ભાસ થઈ જાય છે કે પોતે જ મૂળ પાક છે. પણ છોડનું થોડું કદ થતા એને જમીનમાંથી ઉખાડી ફેંકવામાં આવે છે. એ એનું કિસ્મત હોય છે. પાકિસ્તાનના ઉદ્ભવ બાદ પાકિસ્તાન સાથે મેચ થતી માનસિકતા ધરાવતા નેતાઓ આ અ-રૂડા છે. હવે હિંદુ અપરાધ બોધે એને જમીનમાંથી ઉખાડી ફેંકવાનું શરુ કર્યું છે.

આ એ લોકો જ છે જેઓ પાકિસ્તાની ક્રિકેટરોને હિન્દુસ્તાનમાં રમાડવાના વિરોધ અંગે નિવેદનો આપતા ફરે છે કે રમતને રમતની દ્રષ્ટીએ જોવી જોઈએ... કલાને કોઈ સીમાડા હોતા નથી... સરહદો રાજકારણે ખેંચેલી છે, કળા સાહિત્ય સરહદોથી પર હોય છે. એમનું દોગલાપણાની કોઈ સરહદ નથી. દરેક બાબતનું પોતાના મંતવ્ય મુજબ અર્થઘટન કરવાની એમની કળાની પણ કોઈ સરહદ નથી. કીર્તિ આઝાદ જેવા માણસો તો પોતે જ આ ક્ષેત્રમાંથી આવે છે. નગણ્ય કહી શકાય એવું એમનું પણ યોગદાન છે આવી જ એકાદી ટ્રોફી જીતવામાં. ■

production@infiniumpharmachem.com

**:: ક્વિક નોટ ::**


**આંબેડકર પ્રતિવાદ કરે છે કે શ્રેષ્ઠ માર્ગ એ છે કે પોતાની લઘુમતીને સીમા પાર મોકલીને ત્યાની આપણી સહધર્મી લઘુમતીને અહી લઇ આવવી જોઈએ. કદાચ આંબેડકર, જિન્નાહ અને રાજાજી આ ત્રણ નેતાઓએ જ આવી ક્રાંતિકારી દલીલ કરી હતી. પણ તત્કાલીન કોંગ્રેસી નેતાઓ કદાચ એટલા દુરંદેશી નહોતા.-ચંદ્રકાંત બક્ષી.**

# ગરમીમાં શું ધ્યાન રાખવું?

(૧)સ્વપ્ન જોવા માટે સુઇ રહેવું પડે તો સ્વપ્ન પુરા કરવા માટે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
બીજાને શાંતિથી સુવા દેવા પડે.

(૨)લાયસન્સ વગર બંદૂક રખાય?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
બંદૂક વગર લાયસન્સ પણ ન રખાય!

(૩)મારે ગુજરાતના તમામ ગામોમાંથી એક એક વ્યક્તિને જમાડવી છે. પણ આમંત્રણ કેમ આપવું?
રમાબેન પટેલ (અમદાવાદ)
તમે જાહેરાત આપો કે રાજુભાઈ નામ હોય એને જમવા આવવાનું છે. બધા ગામમાં એક એક રાજુભાઈ તો હશે જ.



હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૪)કરકસર કોને કહેવાય?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
એ જાણવા રેલવેનો ડબ્બો જુઓ. રેલના ડબ્બા પર ઘણી જગ્યા હોવા છતાં એ લોકો રંગની કરકસર કરવા પશ્ચિમ રેલવે અને મધ્ય રેલ્વેને બદલે પરે અને મરે લખે છે.

(૫)સાહેબ..! તમારે ગપીદાસ જોડે ભાઈબંધી છે?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
હા, મિત્ર!

(૬) કઈ જગ્યાએથી રફૂચક્કર થઈ જવાય..?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
ઉછીના લીધા હોય ત્યાંથી.

(૭)નામ પ્રમાણે કેમ ગુણ હોતા નથી ?
જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)
તો ગુણ પ્રમાણે નામ પાડો.

(૮)ભુવાઓ ધુણતા કેમ હશે..?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
ભુવા પાસેથી પ્રેરણા લઈને અમુક જગ્યાએ તો ફુવા પણ ધુણવા માંડે છે!

(૯)એવો કયો દિવસ છે જે મહિલાઓ માટે હોવા છતાં પુરુષો વધુ ઉત્સાહથી ઉજવે છે?
રામભાઈ પટેલ (સુરત)
મહિલા દિવસ!

(૧૦)મચ્છર પોતાના ૪૭ દાંત વડે કયો ખોરાક ચાવતા હશે ? કનુભાઈ પરમાર (દામનગર)
એ લોકોમાં દાંત ચાવવાના નહીં પીવાના કામમાં આવતા હશે!

(૧૧) વિચાર અને વાચામાં શુ ફરક છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
વિચાર કરતી વખતે વચ્ચે ચા આવે છે. વાચામાં છેલ્લે ચા આવે છે. મતલબ કે વિચારતી વખતે વચ્ચે વચ્ચે ચા પીવી જોઈએ અને બોલતી વખતે બોલી લીધા પછી ચા પીવી જોઈએ.

(૧૨)કોણ હલાવે લીમડી ને કોણ ઝુલાવે પીપળી?
દર્શન પટેલ (વડોદરા)
કોઈ હલાવતું નથી. તમે બેઠા બેઠા હલો છો.

(૧૩)કોઈ લાફો મારે અને માફી પણ માગે તો શું કરવું?
નીરવ ડણાંક (અમરેલી)
લાફો રાખી લેવો અને માફી આપી દેવી.

(૧૪)ગરમીમાં શું ધ્યાન રાખવું?
જય દવે (ભાવનગર)
ગરમી પકડવી નહી.

(૧૫) આગઝરતી બોલિંગ સામે નોટઆઉટ રહેવું સારું કે વીસ રન કરી ને આઉટ થઈ જાવું સારું?
મનુભાઈ રાજાભાઈ (બોટાદ)
દાવ ન આવે એ સૌથી સારું. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ઘૂંઘટ ઉઠાવ્યા પછી પણ સ્ત્રી હજુ ઘૂંઘટમાં જ છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

જિંદગી બદલાઈ ગઈ છે પરંતુ આ બદલાવને સ્વીકારતા અને સમજતા બહુ વાર લાગશે. આ પરિવર્તનની નોબત સામાન્ય નાગરિકને એના ખિસ્સામાંથી સંભળાય છે. આવક વધતી ન હોય અને મોંઘવારી વધતી હોય ત્યારે ઘરમાં જવાબો આપવા એક આદર્શ ગૃહસ્થને અઘરા પડે છે. આશાઓના જે તાર પર બુલબુલ, કોયલ, મોર બેસતા હતા ત્યાં હવે કાગડાઓની ઉડાઉડ છે. એટલે ગૃહસ્થ પોતાના જવાબોમાં કલ્પના કે ધારણાને કેટલુંક સ્થાન આપી શકે અને ક્યાં સુધી? સત્ય એ છે કે જેના ઉચ્ચારને આવતીકાલ પર ઠેલવામાં આવે તો પણ વાક્ય બદલાવાનું નથી. કદાચ સમયને કારણે એની ધાર વધુ તેજ થાય એમ બને. ગૃહસ્થની આ મુંઝવણ ગૃહિણી સારી રીતે જાણે છે અને એથી એ શક્ય હોય ત્યાં સુધી પોતાના ઘરના મોભીની મુંઝવણ વધારવા ચાહતી નથી.

ચાર-પાંચ પહેલા લોકડાઉને દેશના વ્યાવસાયિક અને વાણિજ્યક હિતોને જે ગંભીર નુકસાન કર્યું હતું તેને સહન કરીને મૌન રહેલો એક મોટો વિરોધપક્ષ દેશભરની ગૃહિણીઓ છે. છેલ્લા ચાર-પાંચ વરસમાં તેઓના ઘરના અંગત બજેટમાં અકારણ અને સકારણ જે ઉથલપાથલ થઈ છે એની ખિન્નતા તેમના હોઠની પાછળ નિઃશબ્દ છુપાયેલી છે. એની સામે દેશભરમાં સ્ત્રીઓનો એક મોટો વર્ગ એવો પણ છે કે જેમને કોઇને કોઈ રીતે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળેલો છે અને તે તેમનો સુખદ અનુભવ છે. દેશની ગૃહિણીઓ આ રીતે જાણે કે બે ભાગમાં વહેંચાયેલી છે. પરિસ્થિતિઓ જે રીતે બદલે છે એમાં સરકારની ટીકા કરવાની ફેશન થઈ ગઈ છે પરંતુ કુદરતી સંયોગો પર સરકારનો કોઈ અંકુશ હોતો નથી. આપણે સરકાર માબાપ એમ કહીએ છીએ કારણ કે સરકાર પ્રજાનું પાલન-પોષણ કરે છે પરંતુ સરકાર કાંઈ ભગવાન તો નથી.

જેમના સંતાનો અનિશ્ચિત ભવિષ્ય તરફ છાને પગલે ધકેલાવા માટે અત્યારે ભણી રહ્યા છે તેમની માતાઓની ચિંતાનું હજુ સમાધાન થયું નથી. કેટલીક શાળા-કોલેજો મહેનત કરે છે છે પરંતુ કોલેજોમાં તો હાજરી સાવ ઝાંખી છે. ઉપરાંત જે નવ યુવાન ગૃહિણી છે અને જેના પતિદેવે અગાઉના લોકડાઉનને કારણે નોકરીમાંથી પ્રાપ્ત થતી પગારલક્ષ્મીનું દેવત્વ ગુમાવ્યું છે તેનો અનુભવ ન પૂછવા જેવો છે. નોટબંધી અને લોકડાઉનને કારણે પોતાની તત્કાલીન સારા પગારની નોકરીમાંથી વિસ્થાપિત થયેલા લોકોની સંખ્યા બહુ મોટી છે. તેઓ હજુ થાળે પડ્યા નથી. આ વિસાથાપનનું એક કારણ એ પણ છે કે જેઓનું નોકરીમાં સારું પરફોર્મન્સ ન હતું તેમને કોઈ ને કોઈ સામ્પ્રતિક બહાને કંપનીઓએ વાજા વગાડ્યા વિનાની વિદાય આપી છે.

તેમની જિંદગીનો એ એક કરૂણ અધ્યાય છે. હવે તેમાંથી કેટલાક બહાર આવ્યા છે અને બાકીનાઓ બહાર આવવાની મથામણમાં છે. નોટબંધીએ દેશના અનેક ગૃહસ્થોને જે લાંબાગાળાનું ઘરે રહેવાનું અનૈચ્છિક વેકેશન સુલભ કરી આપ્યું એનું જ લોકડાઉને ભયસહ પુનરાવર્તન કર્યું. લોકડાઉને પણ યુવા કે મધ્યવયે જ નિવૃત્તિની ઝાંખી કરાવી આપી તેનો પડઘો પણ જે તે ગૃહિણીએ જ પોતાના અશ્રુભીના પાલવમાં સહન કરવાનો આવ્યો છે. ફૂલગુલાબી દામ્પત્ય પરનો એક વેરાન આઘાત બની ગયેલી નોટબંધીને અને લોકડાઉનને તેઓ કોઈપણ પ્રચાર પડઘમથી વીસરી શકે એમ નથી. દેશમાં બેરોજગારીની વાત કોઈ કરતું નથી. બધે રાજકીય અખાડાઓની ચર્ચા છે.

આપણા દેશની મહિલાઓ પરિવારમાં કે કૌટુંબિક મેળાવડાઓમાં ભલે તેમના અભિપ્રાય મનોમન છુપાવીને અવ્યક્ત રાખતી હોય તો પણ, તેમની તાર્કિકતા અને નિર્ણયશક્તિ અજાયબ હોય છે. તેમને પરિસ્થિતિઓનું મૂલ્યાંકન કરવાની અને પ્રચારથી પ્રભાવિત ન થવાની આગવી સૂઝ હોય છે. આમ પણ કોઈનાથીય પ્રભાવિત ન થવું એ ગુણસુંદરી સ્ત્રીઓની વિશેષ લાક્ષણિકતા હોય છે. દેશમાં એક અબજથી વધારે મોબાઈલ કનેકશન છે. એનો લાભ પણ મહિલાઓની અભિનવ સંપ્રજ્ઞતાને મળ્યો છે. સર્વેક્ષણો બતાવે છે કે ૭૫ ટકા સ્ત્રીઓ પોતાના પતિ, પુત્ર કે ભાઈભાંડુથી અલગ જ અને સ્વતંત્ર રીતે મત આપવાનો મત ધરાવે છે. એટલે કે હવે દરેક પરિવારમાં 'પસંદ અપની-અપની' જેવો મતદાન પ્રવાહ છે. આપણા દેશમાં ગૃહિણીનું બજેટ ધ્યાનમાં રાખવું એ સૌથી મોટી રાજવિદ્યા છે, અને કેન્દ્રની એનડીએ સરકાર હોય કે વિવિધ પક્ષોની રાજ્યસરકારો હોય, ગૃહિણીના અર્થતંત્રની ઉપેક્ષા થઈ શકે એમ નથી.

વશિષ્ઠ ઋષિ ઉત્તરકાણ્ડમાં રામની રાહ જોઈ જોઈને થાકી ગયેલા ભરતને કહે છે કે હે ભરત, ધીરજ રાખ અને સુખની પ્રતિક્ષા કર કારણ કે ભાવિ બહુ પ્રબળ હોય છે. આપણે ધારીએ છીએ એના કરતાં આવનારો સૂર્ય વહેલો ઉગતો હોય છે માટે ધીરજને ધારણ કરવી અને કાર્યમાં મગ્ન રહેવું. વશિષ્ઠના વચનો કોરોનાગ્રસ્ત અનેક પરિવારો માટે સર્વકાલીન આશ્વાસન છે. ગુજરાતમાં, દેશના અન્ય રાજ્યોની તુલનાએ રોજગારીનું ચિત્ર સારું છે. એટલે આપણે ત્યાં હજુ લોકોને એ તો ખબર જ નથી કે બિહાર, ઓરિસ્સા, મધ્યપ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યોમાં આમજનો કેવી આપત્તિમાંથી પસાર થઈ રહ્યા છે. ગુજરાતી પ્રજાએ તો વતન ભણી પદયાત્રા કરતા લાખો કામદારોને જોયા છે પરંતુ એમની જિંદગીમાં ડોકિયું કર્યું નથી. એ અર્થમાં અરધો દેશ હજુ બેઠો થવાનો બાકી છે. કુદરત જે હજુ ત્રીજી લહેરને અટકાવે છે એ દુઃખીજનો પરની દયાને કારણે અટકાવે છે. ■

# એક અજાણ્યો ધ્રાસકો તેના હૈયાને ઘેરી વળ્યો ને પોતે મનોમન જ ગળગળી થઇ ગઇ



## રાગ - વૈરાગ - ૧૪

લઘુનવલકથા

યોગેશ પંડ્યા

આકાશમાં વાદળા ઘેરાયા હતા. ગોરંભો જામી ચૂક્યો હતો. મેડી ઉપર બેઠો બેઠો આનંદ કુદરતની લીલા નિહાળી રહ્યો હતો.

સાંજ પડી ચૂકી હતી. આનંદ ની જિંદગી અત્યારે દોરાહા ઉપર હતી.શું કરવું? ક્યાં જાઉં?.. કોઈ રસ્તો દેખાતો નહોતો. એક બાજુ રૂપા હતી,એક બાજુ માં બાપ હતા.એક બાજુ ખીણ હતી.એક બાજુ મીણ હતું. દિલ અને દિમાગ ની વચ્ચે, બુદ્ધિ અને લાગણી ની વચ્ચે જીંદગી ઘડિયાળના લોલક ની જેમ આ છેડેથી સામા છેડા સુધી આમતેમ ફંગોળાતી હતી.

તે દિવસે સાંજે કંકુબહેને આનંદને મીઠો ઠપકો આપતાં કહ્યું, 'આટલો બધો ખર્ચો ન કરાય આનંદભૈ.'

'કેમ? એમાં ખર્ચો શાનો? આ બધું તો બા લઈ આવી હતી. હજી એક સાડી તો લાવવાની ભુલાઈ ગઈ છે.''

''બાને કહેજો કે આવો ખર્ચો ન કરે.'

'ના હોં, એ હું ન કહું. એ બધું કહેવા માટે તો તમારે જ આવવું પડશે. બોલો ક્યારે આવશો? બાએ ખાસ કહેવડાવ્યું છે.'

'અંજળ બળવાન હશે તે દી ચોક્કસ આવશું, પણ રૂપા માટે કંઈ લાવતા નહીં.'

'પણ તમને વસ્તુઓ ગમી તો ખરીને?'

'હા, રૂપલીને તો બહુ સારું લાગશે' કહી પછી રૂપાને ઉદ્દેશીને કહ્યું, 'બેટા, આ ચેન, બુટ્ટી અને બંગડી મહેમાન તને જોવા આવે ત્યારે પહેરજે હોંકે. શોભી ઊઠીશ જોજેને.'

રૂપા , મામાના ઘરે ગઈ ત્યારે મામાના ઘરે કંઈક ચણભણ તો થતી જ હતી. મામીનાં કાકી, એમનાં બા અને એમના ભાઈ બધાં એક દિવસ આવ્યાં હતાં, પણ ખરાં, પણ કંઈ સૂઝકો નહોતો પડયો. અને આજ? આજ બા કેમ કહે છે કે મહેમાન જોવા આવવાના છે એમ કહે છે?

બસ? પોતે ખરેખર મોટી થઈ ગઈ છે? લગ્ન કરીને બાપનું ઘર છોડવું પડશે? આ ફળિયું, આ આંગણું, આ ઘર, ભીંત, શેરી બધું છોડવાનું? નહીં, આ ગવરી ગાય,આ બળદ, બેય ભેંસ, ફરજો, ગમાણ, એક ઢાળિયું હૈયાથી ને ગળાથી નહીં છૂટે એમ. તો આ બધું?

એક અજાણ્યો ધ્રાસકો તેના હૈયાને ઘેરી વળ્યો ને પોતે મનોમન જ ગળગળી થઈ ગઈ. આ બધું છોડવાનું તો આનંદને પણ છોડવાનો જને હૈયેથી...? ના, ના..એ નહીં છૂટી શકે. એની બદામી આંખોમાં એવું તે શું છે. જેની પોતાને પણ જાણ નથી.

તેની બદામી આંખ જાણે ગળાડૂબ કામણમાં ડુબાડી દે છે? આ રુદિયું આનંદ તરફ લગાતાર ઢળતું જ જાય છે!

એની પહેલી નજરના મેળાપમાં જ એવું કયું ખેંચાણ હતું કે એણે પોતાને આખેઆખી મૂળ સોતી ખેંચી લીધી છે.એની યાદ કદી વીસરાતી જ નથી. આનંદના નિર્દોષ ચહેરાને એણે માણ્યો હતો. એ ભલો નિર્દોષ પ્રેમાળ માણસ તેની આંખોમાં વસી ગયો હતો અને ત્યાંથી ઠેઠ હૈયાના ઊંડા તળિયે ઊતરી ગયો છે. છતાં પણ પોતે મજબૂર અને લાચાર છે. એક વાર તો જેસંગ સાથે વેવિશાળ કરીને પનારો પડયો હતો. એ તો પોતે નાની ને અણસમજુ હતી. પણ હવે?

હવે તો પોતે સમજુ હતી. પોતાના પણ સમણાં હતાં. કોડ હતાં. છતાં પણ વિવશ હતી. હવે જે કોઈ, ક્યાંય થી મામા-મામી કે મા-બાપ ગોતે અને પરણી જવાનું હતું. તો પછી આંખોમાં ઢબૂરેલાં સમણાંનું શું? એની અંદર એક ટીસ ઊઠી. ભીતરની વેદના તેના હૈયાને મધમાખી જેમ છંછેડી રહી.હૈયું ચારણી શુ બની ગયું. પણ પછી પોતે જ પોતાને આશ્વાસન આપવા મથી રહી.

કે, જવા દે મનવા, ! આ જીવતર તો પંખીનો મેળો છે..આજે આનંદ આવ્યો છે એને બદલે કોઈ પરણેલો બચરવાળ માસ્તર નોકરી કરવા આવ્યો હોત તો? એવા નોકરિયાત તો ગામમાં આવે ને જાય. એની હાર્યે જીવતરના તાંતણા થોડા ગૂંથવા મંડાય?! . એ તો બીજે નોકરી મળે, કે બદલી થાય કે તરત જ ત્યાં ઊડી જાશે. પણ તો પછી શું પોતાનાથી આનંદને વેગળો કરાશે? પોતે ચાલી જશે?? કદાચ. ના, ઘણી વાર ઊંચે સાદે બોલાઈ જાય, કોઈ ઠોળ્ય (મજાક) થઈ જાય તોય એ માણસ છેક મૂળથી ખળભળી જાય છે તો મારી સાસરવાટની વિદાય વેળાએ એના ઉપર શી વીતશે?

બે દિવસ પછી સાંજેકના જ કંકુબહેને તેને બોલાવ્યો. આનંદ આવ્યો. કંકુબહેને કહ્યું, 'આનંદભૈ, ગુરુવારે તમારે નિશાળે ગયા વગર હાલે એવું છે?'

'કેમ વળી? કાંઈ કામ છે?'

'હા, રૂપાના મામાના સમાચાર આવ્યા છે. રૂપાને જોવા માટે મહેમાન આવે છે. જો તમે અહીંયાં હો તો એના બાપુને જરીક ટેકો રહે.'

આનંદને જાણે કાળજા ઉપર કટારીનો ઘા થયો. તેણે રૂપા સામે જોયું. રૂપાની અને પોતાની ચારનજર ભેગી થાય ન થાય પણ એ પહેલાં, આનંદને થયું કે પોતે રૂપાની સામું નહીં જોઈ શકે. તેણે નજર વાળી લીધી અને 'હા, હું અહીં જ છું કંકુબહેન.' કહી બહાર ચાલ્યો ગયો.

મહેમાનો આવવાના હતા એની આગલી સાંજ ઘરમાં કોઈ નહોતું. રૂપાએ, આનંદે આપેલી નેઈલ પોલિશથી નખ રંગ્યા. જૂની બંગડીઓ કાઢીને આનંદે લાવી આપેલી કાચની બંગડીઓ પહેરી. બુટ્ટી પહેરી અને ચેઈન કાઢી. ચેઈનને તે ધારી ધારીને જોઈ રહી. પછી અરીસા સામે આવી. હૂક ખોલવા ગઈ, પણ ફાવ્યું નહીં. તેણે દૃષ્ટિને મેડા સુધી લંબાવી. આનંદ મેડાને પગથિયે બેસી તેને જ જોઈ રહ્યો હતો. એણે આનંદને બોલાવ્યો,

'આ ચેઈનનું હૂક જરાક ખોલી દો ને. ખૂલતું નથી.' આનંદે હૂક ખોલતાં કહ્યું, 'કહેતી હોય તો પહેરાવી દઉં.'

'તો પહેરાવી દો બસ.' રૂપા નજીક આવી .અવળું ફરીને ઊભી રહી. બન્ને અરીસા સામે ઊભા રહ્યાં. આનંદે હૂક ખોલી, ચેઈન તેના ગળામાં પહેરાવી અરીસામાં દેખાતા રૂપાના નમણા ચહેરા સામે જોઈને બોલ્યો, 'બસને?'

'બસ.' માથું ધુણાવી રૂપા ટહુકી. પણ, હૂક બરાબર ફિટ થઈ ગયું છે કે નહીં તેની તપાસ કરતો આનંદ ઉદાસ સ્વરે બોલ્યો, 'હવે તો થોડાક દિવસની જ મહેમાનને? આ નોરતાંએ નહીં, પણ આવતાં નોરતાંએ તો તું અહીં શેની હોય?'

'આગળ ન બોલશો નહીંતર....'

'ખોટું કહું છું? આ ઉનાળામાં જ લગભગ તારા લગનનું નક્કી થઈ જશે એમ કંકુબહેન કાલે મારા મોઢે કહેતાં હતાં. પછી. તો આ ઘર સૂનું ને સૂનો મારો મેડો.'

પણ એ આગળ બોલે એ પહેલાં તો રૂપાની પાતળી પાંપણ છેદીને આંસુની ધારા તેના ગાલને ભીંજવી ગઈ હતી. અરીસામાં દેખાતા રૂપાના આંસુભર્યા ચહેરાને જોતાં આનંદ બોલી ઊઠ્યો, 'રૂપા, ગાંડી થઈ ગઈ છો?'

'ત્યારે શું? બેત્રણ દી'થી તો મંડી જ પડયા છો, જ્યારે ને ત્યારે..'' કહેતી તે પાછું ફરીને આનંદને બન્ને ખભે હાથ રાખી તેની છાતીમાં મોઢું છુપાવી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

'અરે પણ.....' આનંદ તેની પીઠ પર હાથ પસવારતો હતો. બરાબર એવે ટાણે ઓચિંતા જ ફળિયામાં આવી ગયેલી શ્વેતા ઓસરીનું દશ્ય જોઈને થાંભલાની જેમ ખોડાઈ ગઈ અને પછી તે બન્નેને ખ્યાલ ન આને એમ પાછે પગલે પારૂઠ ફરી ગઈ..!!

(ક્રમશઃ) ■

# સ્મૃતિઓના સકંજામાં મહેશ: એક રાતનો પસ્તાવો



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

ધીમે રહીને તે બેડરૂમમાંથી બહાર નીકળ્યો. પછી ધીમે ચાલીને તે તેના રૂમમાં દાખલ થયો. થોડીવાર પલંગમાં લાંબો થયો. શરીરમાં ખૂબ જ થાક તો હતો. માથું પણ ફરતું હતું. તે ઊભો થયો પરંતુ સારી રીતે ઊભો રહી શકતો ન હતો. એટલે પાછો પલંગમાં બેસી ગયો. તેના વિચારો ખૂબ જ વિપરીત પ્રકારના આવતા - જતા રહેતા હતા. થોડી થોડીવારે તે સાવ શૂન્યમનસ્ક થઇ જતો. પરંતુ કરવું શું ? તેને અત્યારે કશી જ ખબર પડતી ન હતી.

છતાં પણ હવે તે બાથરૂમમાં દાખલ થયો. તેને થયું કે નાહવાથી થાક ઓછો થઇ જશે. એટલે ઠંડા ઠંડા પાણીથી તે ઘણીવાર સુધી નાહતો રહ્યો. પહેલાં તો જયારે તે નાહવા જતો ત્યારે તેના અંગો ખૂબ જ ઉત્તેજિત થઇ જતાં. પરંતુ અત્યારે એવું તો ન થયું. આમ ઘણીવાર નાહવા છતાં તેનો થાક તો એવો ને એવો જ રહ્યો. તેના શરીરના બધા જ સ્નાયૂઓ સાવ રબ્બર જેવા થઇ ગયા હતા.

નાહી લીધી પછી વ્યવસ્થિત કપડાં પહેરીને હવે તે એમ જ પથારીમાં લાંબો થયો એટલે વિચારીએ તેને વળી ઘેરી લીધો. તેણે તેની આંખો બંધ કરી લીધી. આંખો બંધ થતાંની સાથે જ ભાભીનું ચિત્ર સ્પષ્ટ રીતે ઉપસી આવ્યું. આજીજી કરતી, ભીખ માગતી ભાભી દેખાઈ આવી. આવું અત્યાંત કરૂણ દ્રશ્ય જોતાની સાથે મહેશ ધ્રુજવા લાગ્યો. તેનું આખું શરીર જાણે કે ધ્રુણવા લાગ્યું.

મહેશ તો એમ જ પથારીમાં લાંબો થયો હતો. અત્યારે તેનું મગજ સાવ જ શૂન્યમનસ્ક થઇ ગયું હતું. એ કંઈપણ વિચારી જ શકતો ન હતો. એટલે તો આંખો બંધ કરી એમ જ પડયો રહ્યો.

બરાબર આ સમયે શાંતુ મહેશના રૂમમાં દાખલ થઇ. બારણું ખુલવાનો અવાજ થતાં મહેશે તેની આંખો સાવ ધીમે ધીમે ખોલી. જોયું ત્યાં તો શાંતુ ભાભીને સાવ નજીક સામે જ જોતાં ઘડીભર તો મહેશે તેને એકીટશે જોઇ રહયો. એ સાથે અચાનક જ ગઇ કાલ રાતની થોડી થોડી સ્મૃતિઓ તાજી થવા લાગી. રાતના અમુક દ્રશ્યો તેને ઘુંઘળાં ઘુંઘળાં દેખાવા પણ લાગ્યા. પરંતુ હજી કંઇ વધુ યાદ તાજી થાય તે પહેલાં તો નજીક ઊભેલી શાંતુ સાવ નમ્ર અવાજે બોલી : ''મહેશ, તેં તો ખૂબ આરામ કર્યો, ચાલ.... હવે બેઠકરૂમમાં આવ ત્યાં બેસીને આપણે નિરાંતે વાતો કરીએ....''

...બાઘાની જેમ મહેશ તો ભાભીને એમ જ જોતા જ રહ્યો, કશું બોલ્યો નહીં, ધીરે રહીને તે બેઠો થયો ને લડખડાતો... ધીમી ચાલે ચાલીને બેઠકરૂમ આવતાં સોફામાં ઢગલો થઈને બેસી ગયો. આવી હાલત મહેશની જોતાં સોફામાં બેસતાં શાંતુ બોલી : ''કેમ....? એકાએક તારી આવી હાલત કેમ થઇ ? તારી તબિયતને વળી શું થયું ? ''

મહેશે કશો જ જવાબ ન આપ્યો. એણે તો તેનું માથું નકારમાં ધુણાવી એમ જ ભાભી સામે એકીટશે જોતો જ રહ્યો. થોડો ગભરાટ તેના ચહેરા પર સ્પષ્ટપણે દેખાય રહ્યો હતો.

મહેશની આવી હાલત જોતા હવે શાંતુ ખરેખર ખૂબ જ ગભરાઇ ગઇ. તેને થયું કે હવે શું કરવું...? તો પણ શાંતુ સાવ ધીમે બોલી :

''જો મહેશ, કાલે રાતના તો તું ખૂબ જ ખીલી ઊઠ્યાં હતો. યાદ કર..., તને કંઇ યાદ છે...? ખરેખર... તારા પુરૂષાતન વખાણ કરવા મને એકેય શબ્દો નથી મળતા, તેં મને રાત સુખના સાગરમાં ડુબાડી દીધી હતી. મારૂં એકેય અંગ તે કોરૂં રહેવા નથી દીધું. મારી સંગ તે સંગમની દુનિયા જ રચી દીધી હતી તે તો મને પરમ પ્રેમની વહાલી નદીમાં એવી નવડાવી દીધી કે ન પૂછ વાત ! હવે તો મારે બીજે કયાંય પણ નાહવાની જરૂર જ નહીં પડે, મહેશ...! ''જો, હું આટલુ બધુ બોલી, હવે તો તું કંઈક બોલ...! આમ તારૂં ન બોલવું એ મીંઢની જેમ સાવ મૂંગુ રહેવું એ મારા માટે અને તારા માટે પણ વધારે ઉપાધી નોતરશે. મારી વાત સાંભળ :

''ગઈકાલની શુકનવંતી રાતે મારા આ સુંવાળા શરીર સાથે તે જે કંઈપણ કર્યું અને તારા આ કુંવારા માખણ જેવા શરીર સાથે મેં પણ જે કંઇ કર્યું છે તેને તારે અને મારે... બંન્નેએ સાવ ભૂલી જવાનું છે, સ્વપ્ન સમજીને ! પછી હવે રાબેતા મુજબ પહેલાંની જેમ રહેવાનું સારૂં લાગશે. આજે તો ઠીક છે કે જાહેર રજા છે. નહિતર તારે ને મારે... નોકરી કરવા તો જવું જ પડે ને ? અત્યારે આવી હાલતમાં તું કે હું ઓફિસે... નોકરીએ કેમ જઇ શકીએ...?''

શાંતુનું આવું બધું કહેવું સાંભળી મહેશની આંખોમાંથી એકધારો આંસુ એમ જ નિકળવા ચાલુ થયાં. કોણ જાણે તેની સ્થિતિ હવે વધારે ગંભીર બની ગઇ હતી. એટલે તો શાંતુ પણ હવે થોડી વધારે ગભરાઇ ગઇ. એજ ક્ષણે તો તે ગદગદ થઇ જઇ વળી આગળ બોલી : (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# પંજાબમાં અકાલી દળ સાથે જોડાણ નહીં, ભાજપ ૨૦૨૭ની ચૂંટણી એકલા લડશે : અમિત શાહ



મોગા, તા.૧૪

પંજાબના મોગામાં આયોજિત જાહેર રેલીને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ કોઈ પણ પક્ષ સાથે ગઠબંધન કર્યા વિના એકલા હાથે મેદાનમાં ઉતરશે. અકાલી દળ સાથેના જોડાણની અટકળોનો અંત લાવતા તેમણે જણાવ્યું કે, ભાજપ હવે પંજાબમાં 'નાના ભાઈ' તરીકે નહીં, પરંતુ મુખ્ય પક્ષ તરીકે ચૂંટણી લડી પોતાની સરકાર બનાવશે. શાહે આમ આદમી પાર્ટી પર નિશાન સાધતા વચન આપ્યું હતું કે જો જનતા આશીર્વાદ આપશે, તો બે વર્ષમાં પંજાબમાંથી ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખેડી નાખવામાં આવશે. આ પ્રસંગે તેમણે શીખ ગુરુઓના પ્રકાશ પર્વોની ઉજવણી અને વડાપ્રધાન મોદી દ્વારા શીખ સમુદાય માટે કરાયેલા કાર્યોની પ્રશંસા કરી હતી. બીજી તરફ, પ્રદેશ પ્રમુખ સુનીલ જાખડે રાજ્યની કાયદો-વ્યવસ્થાની કથળતી સ્થિતિ અંગે 'આપ' સરકારને આડે હાથ લીધી હતી. સામે પક્ષે પંજાબના નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ કેન્દ્ર સરકાર પર રાજ્યના વિકાસલક્ષી ભંડોળ રોકી રાખી ભેદભાવ કરવાનો આક્ષેપ કર્યો હતો.

# પાલઘરમાં પોલીસથી બચવા ભાગેલા ત્રણ યુવાનોનું માલગાડીની અડફેટે આવતા કમકમાટીભર્યા મોત



પાલઘર, તા.૧૪

મહારાષ્ટ્રના પાલઘરમાં એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં પોલીસથી બચવા રેલ્વે ટ્રેક ઓળંગી રહેલા ત્રણ યુવાનો માલગાડીની અડફેટે આવી જતાં ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. પાલઘર પૂર્વના જૈન મંદિર પાસે બનેલી આ ઘટનામાં મૃતકોની ઓળખ સ્વપ્નિલ પાલંડે (૨૩), કુણાલ દુબલા (૨૩) અને અફરોઝ શેખ (૨૮) તરીકે થઈ છે. આ મામલે મૃતકોના પરિવારજનોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, પોલીસકર્મીઓએ યુવાનો પર હુમલો કર્યો હતો અને તેમના ડરથી ભાગવા જતાં આ અકસ્માત સર્જાયો હતો. જીઆરપી પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી છે. રેલ્વેના આંકડા મુજબ, પાટા ઓળંગવા અથવા નિયમોના ઉલ્લંઘનને કારણે અવારનવાર આવા અકસ્માતો સર્જાય છે. ગત વર્ષે મુંબઈમાં પણ આવી જ રીતે ટ્રેનની અડફેટે મુસાફરોના મોત થયા હતા. પોલીસ હાલ તપાસ કરી રહી છે કે કયા સંજોગોમાં યુવાનોએ જીવ ગુમાવ્યો.

# ગુજરાત બજેટ : ખેડૂતોને ગોડાઉન માટે બે લાખની સહાય અને મત્સ્યોદ્યોગમાં 'મધર વેસલ્સ' યોજના શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે કૃષિ અને બ્લુ ઈકોનોમી માટે ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરી છે કે, હવે ખેડૂતોને ૬૦૦ ચોરસ ફૂટના પાક સંગ્રહ ગોડાઉન બનાવવા માટે ૨ લાખ રૂપિયાની સહાય મળશે, જે અગાઉ ૧ લાખ હતી. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે દેશમાં પ્રથમવાર 'મધર વેસલ્સ' યોજના શરૂ કરાશે, જેમાં દરિયાની વચ્ચે જ માછલીઓનું પ્રોસેસિંગ અને પેકેજિંગ થઈ શકશે. આ ઉપરાંત, ડીપ-સી ફિશિંગ બોટ માટે ૬૦ લાખ સુધીની સહાય અને પશુપાલકોને માત્ર ૫૦ રૂપિયામાં સેક્સ સોર્ટેડ સીમેન ડોઝ આપવાની જોગવાઈ કરાઈ છે. ગ્રામ્ય કક્ષાએ અનાજનો બગાડ અટકાવવા સહકારી મંડળીઓ મારફતે મોટા ગોડાઉનો બનાવવાનું લક્ષ્ય છે, જેનાથી ખેડૂતોની આવકમાં વધારો થશે.

# ગુજરાતની અવકાશ ક્ષેત્રે છલાંગ : બાવળિયારીથી પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળ પ્રક્ષેપણ

ધંધુકા,તા.૧૪



ગુજરાત માટે ૧૪ માર્ચ ૨૦૨૬નો દિવસ સુવર્ણ અક્ષરે લખાયો છે કારણ કે રાજ્યએ અવકાશ સંશોધન ક્ષેત્રે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ધોલેરા નજીક આવેલા બાવળિયારી ખાતેથી રાજ્યના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી પ્રસંગે રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ રોકેટનું નિર્માણ અમદાવાદ સ્થિત ખાનગી સ્ટાર્ટઅપ 'ઓમસ્પેસ રોકેટ એન્ડ એક્સપ્લોરેશન પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા કરવામાં આવ્યું છે. સિંગલ-સ્ટેજ સબ-ઓર્બિટલ ધરાવતું આ રોકેટ બપોરે ૧ વાગ્યે કામચલાઉ લોન્ચ પેડ પરથી આકાશમાં ગુંજી ઉઠ્યું હતું. આ સફળતા સાથે ઓમસ્પેસ હવે વિશ્વપ્રસિધ્ધ કંપની સ્પેસએક્સના પથ પર આગળ વધી રહી હોય તેવું જણાય છે. આ લોન્ચિંગથી ગુજરાતમાં ખાનગી અવકાશ ક્ષેત્ર માટે નવી તકોના દ્વાર ખૂલ્યા છે જે રાજ્યના ટેકનોલોજીકલ વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપશે.

# બનાસકાંઠાની દાંતીવાડા-સીપુ ડેમ લિંક પ્રોજેક્ટ માટે રૂ.૧૧૯ કરોડ મંજૂર

બનાસકાંઠા, તા.૧૪

બનાસકાંઠાના કૃષિ ક્ષેત્રને મજબૂત કરવા રાજ્ય સરકારે દાંતીવાડા અને સીપુ ડેમને જોડતા લિંક પ્રોજેક્ટને રૂ.૧૧૯ કરોડની વહીવટી મંજૂરી આપી છે. આ યોજના હેઠળ બંને ડેમને પરસ્પર જોડીને પાણીનું અસરકારક સંચાલન કરવામાં આવશે, જેનાથી વરસાદની અનિશ્ચિતતા વચ્ચે પણ ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહેશે. આ પ્રોજેક્ટથી અંદાજે ૬ હજાર હેક્ટર જમીનને પિયત સુવિધા પ્રાપ્ત થશે અને ૨૫ જેટલા ગામોને સીધો લાભ મળશે.

રાજ્ય મંત્રી પ્રવીણ માળીએ જણાવ્યું કે, આ યોજનાથી ખેડૂતોની બોરવેલ પરની નિર્ભરતા ઘટશે અને ખેતી ખર્ચમાં ઘટાડો થશે. નહેર નેટવર્ક દ્વારા પાણી સીધું ખેતરો સુધી પહોંચાડવામાં આવશે, જે લાંબા ગાળે બનાસકાંઠાના કૃષિ વિકાસ અને ખેડૂતોની આવકમાં વૃધ્ધિ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# ધોરાજીમાં જેટકો દ્વારા યોજાયેલા સેફ્ટી સેમિનારમાં ૯૧ કર્મચારીઓએ ભાગ લીધો

**અકસ્માત કઈ રીતે નિવારી શકાય તેનો વિચારવિમર્શ કરાયો**




તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૧૩

ધોરાજી ડિવિઝનની જેટકો ઓફિસ ખાતે એક્ઝિક્યુટિવ એન્જિનિયર ચોરવાડાભાઈની અધ્યક્ષતામાં સેફ્ટી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૯૧ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડેપ્યુટી એન્જિનિયર ટાંકભાઈએ તમામ અધિકારીઓ અને જેટકો ઓજસ એજન્સીના કર્મચારીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જેટકો કંપનીમાં કામ કરતા કર્મચારીઓને વીજ લાઈન બાબતે કઈ પ્રકારે સલામતી રાખવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારની શરૂઆત સલામતીના શપથથી કરી હતી. સલામતી સંબંધે ચર્ચા કરવામાં આવી હતી. અકસ્માતના કેસોનો અભ્યાસ કરીને કઈ રીતે અકસ્માત નિવારી શકાય તેનો વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદના કનોરીયા સેન્ટર ફોર આર્ટસ ખાતે ફલક અંતાણીનું પ્રથમ ચિત્ર પ્રદર્શન

અમરેલી,તા.૧૪



અમદાવાદના પ્રતિષ્ઠિત કનોરીયા સેન્ટર ફોર આર્ટસ ખાતે ૧૩ થી ૧૫ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યુવા ચિત્રકાર ફલક અંતાણીનું પ્રથમ સ્વતંત્ર ચિત્ર પ્રદર્શન "ચિત્રોક્તિ" યોજાયું છે. આ પ્રદર્શનનું ઉદઘાટન કલાગુરુ કનુભાઈ પટેલ, સુપ્રસિદ્ધ ચિત્રકાર વૃંદાવન સોલંકી અને લોક સાહિત્યકાર યોગેશ ગઢવીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન મુખ્યત્વે દૈવી સ્ત્રી ઉર્જા, સ્ત્રીત્વ અને પ્રકૃતિના અજોડ સમન્વય પર આધારિત છે. તેમાં તંત્રશાસ્ત્રના પ્રતિકો, આધ્યાત્મિક ઉર્જા ચક્રો અને દ્રૌપદી જેવા પૌરાણિક પાત્રોને આધુનિક કલાત્મક દ્રષ્ટિકોણથી કંડારવામાં આવ્યા છે. ફલક અંતાણીના ચિત્રોમાં તેમના પિતા દીપક અંતાણીના નાટ્યજગતની સંવેદનાઓ અને માતાના સંઘર્ષની ઊંડી અસર જોવા મળે છે. "ચિત્રોક્તિ" એટલે કે કંઈક કહેતા ચિત્રો, જે સ્ત્રીત્વને માત્ર કોમળતા નહીં પરંતુ સર્જનના મૂળ આધાર તરીકે પ્રસ્થાપિત કરે છે.

# ગોંડલના શિવરાજગઢમાં સરપંચની મનમાની અને ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે ઉપસરપંચ સહિત પાંચ સભ્યોના રાજીનામાં

ગોંડલ , તા. ૧૨

ગોંડલ તાલુકાના સમરસ જાહેર થયેલા શિવરાજગઢ ગામમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. સરપંચની કાર્યપધ્ધતિ અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથે ઉપસરપંચ કિરીટભાઈ વોરા સહિત કુલ ૫ સભ્યોએ સામૂહિક રાજીનામાં ધરી દેતા રાજકારણ ગરમાયું છે. નારાજ સભ્યોનો આરોપ છે કે પંચાયતના વહીવટમાં સરપંચ મનસ્વી રીતે વર્તે છે, માત્ર માનીતાઓના કામ કરે છે અને વિકાસ કામોના હિસાબ આપવામાં આવતા નથી. કુલ ૧૩ સભ્યોમાંથી ૫ સભ્યોએ સત્તાવાર રાજીનામું આપ્યું છે. રાજીનામાં આપતા પહેલા પંચાયત કચેરીમાં તલાટી મંત્રીની હાજરીમાં સભ્યો વચ્ચે ઉગ્ર શાબ્દિક યુધ્ધ પણ ખેલાયું હતું. સભ્યોએ ગામની આવક વધારવા ૮૦ જેટલી દુકાનોનો વેરો શરૂ કરવાની અને તે રકમ ગામના વિકાસમાં વાપરવાની માંગ કરી છે. રાજીનામું આપનાર સભ્યોના નામ ઉપસરપંચ કિરીટભાઈ વોરા, સભ્ય જયદીપભાઈ ગોંડલીયા, ભાવનાબેન વોરા, રશ્મિતાબેન સાકરીયા અને અંકિતાબેન લુણાગરિયા છે.

# ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનીની માહિતી આપનારને રૂ.૯૨ કરોડ આપશે અમેરિકા

નવી દીલ્હી, તા.૧૪

અમેરિકાએ ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેની અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ વિરુધ્ધ આકરૂ વલણ અપનાવતા ૧૦ મિલિયન ડોલર (આશરે રૂ.૯૨.૬ કરોડ)ના ઈનામની જાહેરાત કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના 'રિવોર્ડ્સ ફોર જસ્ટિસ' પ્રોગ્રામ હેઠળ આતંકવાદી પ્રવૃત્તિઓ અને સુરક્ષાના જોખમોને ધ્યાને રાખી આ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં અલી ખામેનીના નિધન બાદ તેમના પુત્ર મોજતબાએ ઈરાનનું સુકાન સંભાળ્યું છે. અમેરિકાએ મોજતબા ઉપરાંત અલી અસગર હેજાઝી અને અલી લારીજાની જેવા નેતાઓ વિશે પણ માહિતી માંગી છે. ડોનાલ્ડ ટ્રમ્પે પણ આગામી સમયમાં ઈરાની લક્ષ્યો પર વધુ તીવ્ર હુમલાઓના સંકેત આપ્યા છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા આ સંઘર્ષને કારણે વૈશ્વિક સ્તરે અશાંતિ અને તણાવપૂર્ણ માહોલ સર્જાયો છે.

# ગોંડલના દેરડી (કુંભાજી)માં તંત્રનું મેગા ડિમોલેશન: રસ્તા પરના દબાણો પર બુલડોઝર ફરી વળ્યું

ગોંડલ,તા.૧૩



તસવીર : ભોજાણી દેવાંગ

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના દેરડી (કુંભાજી) ગામે માર્ગ અને મકાન વિભાગ (R&B) દ્વારા મેગા ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. રસ્તા પર નડતરરૂપ બનતા દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. દેરડી (કુંભાજી) અને સુલતાનપુર માર્ગ પર વડલા પાસે ખડકાયેલા રસના સીચોડા તેમજ અન્ય કાચા-પાકા દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે. તંત્ર દ્વારા આ કાર્યવાહી પૂર્વે અગાઉ ૧૦૦થી વધુ લોકોને નોટિસ પાઠવવામાં આવી હતી. જે પૈકી ઘણા લોકોએ સ્વેચ્છાએ પોતાના દબાણો હટાવી લીધા હતા, જ્યારે બાકી રહેલા દબાણો આજે સુલતાનપુર પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તોડી પાડવામાં આવ્યા છે.

# ઉનામાં HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ : ગર્ભાશયના મુખના કેન્સર સામે કિશોરીઓને અપાશે સુરક્ષા કવચ

ઉના, તા.૧૪




તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના અર્બન હેલ્થ સેન્ટર ખાતે કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં 'સર્વાઈકલ કેન્સર ફ્રી ઈન્ડિયા' અભિયાન અંતર્ગત કિશોરીઓ માટે એચ.પી.વી. (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણનો શુભારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા રાષ્ટ્રવ્યાપી રસીકરણના ભાગરૂપે ગીર સોમનાથ જિલ્લામાં આ કામગીરી હાથ ધરાઈ છે. કલેક્ટરે હેલ્થ સેન્ટરની મુલાકાત લઈને વાલીઓને ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપતી આ રસીના ફાયદાઓ વિશે જાણકારી આપી હતી અને રસીકરણમાં સહભાગી થવા બદલ તેમની સરાહના કરી હતી. આ અભિયાન અંતર્ગત ૧૪ વર્ષની નયના પરમારને કલેક્ટરની હાજરીમાં નિઃશુલ્ક રસી આપવામાં આવી હતી. કલેક્ટરે રસી લેનાર કિશોરીના સ્વાસ્થ્યની પૃચ્છા કરી હતી અને લાભાર્થીઓને વેક્સિનેશન સર્ટિફિકેટ એનાયત કર્યા હતા. રસી લેનાર કિશોરી નયનાએ પોતાનો અનુભવ જણાવતા કહ્યું હતું કે તેને રસીકરણ બાદ કોઈ મુશ્કેલી થઈ નથી અને તેણે અન્ય કિશોરીઓને પણ આ રસી લેવા માટે અનુરોધ કર્યો હતો. તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. વિપુલ દુમાતરે એચ.પી.વી. રસીની ગાઈડલાઈન અને તેના ફાયદાઓ વિશે માહિતી આપી હતી.

# અમેરિકા હવે ભારતને રશિયન તેલ ખરીદવા માટે કરગરી રહ્યું છે : ઈરાનના વિદેશ મંત્રી

તેહરાન, તા.૧૪



ઈરાનના વિદેશ મંત્રી સઈદ અબ્બાસ અરાઘચીએ અમેરિકાની વિદેશ નીતિ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, જે અમેરિકા મહિનાઓ સુધી ભારત પર રશિયા પાસેથી તેલ ન ખરીદવા દબાણ કરતું હતું, તે જ અમેરિકા હવે ઈરાન સાથેના યુદ્ધ બાદ ભારત સહિત સમગ્ર વિશ્વને રશિયન તેલ ખરીદવા વિનંતી કરી રહ્યું છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા આ પરિસ્થિતિને અમેરિકાની નબળાઈ ગણાવી છે. અરાઘચીએ યુરોપિયન દેશોની પણ આકરી ટીકા કરતા કહ્યું કે, ઈરાન સામેના ગેરકાયદે યુધ્ધમાં અમેરિકાનો સાથ આપીને યુરોપે રશિયા સામે રક્ષણ મેળવવાની આશા રાખી હતી, પરંતુ હવે તેઓ નિરાશ થયા છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભારે સંઘર્ષ છતાં, ઈરાને ભારત પ્રત્યે મિત્રતા દાખવી છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી ભારતીય ધ્વજ ધરાવતા બે એલપીજી કેરિયર્સ અને સાઉદી અરેબિયાથી ભારત આવી રહેલા ક્રૂડ ઓઈલ ટેન્કરને સુરક્ષિત પસાર થવાની મંજૂરી આપી છે. ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતાલીએ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો અત્યંત ગાઢ છે. તેમણે ઉમેર્યું કે બંને દેશોના હિતો અને ભવિષ્ય સમાન છે, તેથી ઈરાન ભારત તરફ જનારા તમામ જહાજોની સુરક્ષાની ખાતરી આપે છે. ઈરાનના આ વલણથી સંકટના સમયે પણ ભારતને ઉર્જા પુરવઠો મળતો રહેશે.

# રાજયમાં તા. ૧૮થી ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહીથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ

અમદાવાદ,તા.૧૪

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી લોકો ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા હતા, પરંતુ હવે પવનની દિશા બદલાતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા ગરમીથી આંશિક રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસમાં તાપમાનમાં ૨ થી ૫ ડિગ્રીનો ઘટાડો થવાની પૂરી શક્યતા છે.



જોકે પારો ૩૮ ડિગ્રીની આસપાસ હોવાથી બપોરના સમયે હજુ પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આ વાતાવરણમાં આવેલા ફેરફારને કારણે પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે આગામી ૧૮, ૧૯ અને ૨૦ માર્ચ દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, બીજી તરફ આ કમોસમી વરસાદની આગાહીએ જગતના તાતની ચિંતામાં ધરખમ વધારો કર્યો છે. હાલમાં ખેતરોમાં જીરું, ઘઉં, ચણા અને વરિયાળી જેવા મહત્વના રવિ પાકો તૈયાર અવસ્થામાં છે અથવા લણણી પર છે, ત્યારે જો માવઠું થાય તો આ પાકોને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને ગીર પંથકમાં કેસર કેરીના બગીચાઓમાં ફ્લાવરિંગ અને ફળ બેસવાની પ્રક્રિયા ચાલુ હોવાથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. જો વરસાદની સાથે પવન ફૂંકાય તો કેરીનો પાક ખરી જવાની અને ગુણવત્તા બગડવાની શક્યતા રહેલી છે,

# અમેરિકામાં ગુજરાતીઓના ત્રણ મોટા કૌભાંડોનો પર્દાફાશ: ૧૫થી વધુ શખ્સો સકંજામાં

અમદાવાદ, તા.૧૪

અમેરિકામાં છેલ્લા બે દિવસમાં સામે આવેલા ત્રણ અલગ-અલગ કૌભાંડોમાં ૧૫થી વધુ ગુજરાતીઓની સંડોવણી ખુલતા ખળભળાટ મચી ગયો છે. ગ્રીનકાર્ડ મેળવવા માટે 'નકલી લૂંટ'નો કારસો રચનારા ૧૧ ગુજરાતીઓની એફબીઆઈ (FBI) દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ 'U' વિઝાના



કાયદાનો દુરુપયોગ કરી ગ્રીનકાર્ડ મેળવવા માંગતા હતા, જે બદલ તેમને ૫ વર્ષની જેલ અને કરોડોનો દંડ થઈ શકે છે. બીજી તરફ, પેન્સિલવેનિયામાં કરોડો ડોલરના હેલ્થકેર કૌભાંડમાં સવાણી બ્રધર્સ (ભાસ્કર અને અરુણ સવાણી) દોષિત ઠર્યા છે. મની લોન્ડરિંગ અને કરચોરી જેવા ગંભીર આરોપોમાં તેમને આકરી સજાની શક્યતા છે. આ ઉપરાંત, ૯.૯ મિલિયન ડોલરના 'ગોલ્ડ પાર્સલ' કૌભાંડમાં ચિંતન પારેખ અને મેહુલ દરજીને ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. આ કૌભાંડીઓને ભારત ડિપોર્ટ કરવા માટે પણ કોર્ટે આદેશ કર્યો છે.

# વાવ-થરાદ તાલુકામાં તલાટીઓએ મોબાઈલમાં ફોટો પાડી ઓનલાઈન હાજરી પુરાવવાનો આદેશ


બનાસકાંઠા,તા.૧૪

બનાસકાંઠાના થરાદ અને વાવ તાલુકાની ગ્રામ પંચાયતોમાં તલાટીઓની અનિયમિતતા રોકવા જિલ્લા વિકાસ અધિકારીએ કડક નિર્ણય લીધો છે. હવે તલાટીઓએ માત્ર કચેરીમાં હાજર રહેવું પૂરતું નથી, પરંતુ સવાર-સાંજ ફરજિયાતપણે પોતાની સેલ્ફી મોબાઈલ એપ્લિકેશન પર અપલોડ કરવી પડશે. આ અત્યાધુનિક સિસ્ટમ જીપીએસ લોકેશનનો ઉપયોગ કરશે, જેનાથી તલાટી જો નક્કી કરેલી કચેરીના મર્યાદિત દાયરામાં હશે તો જ તેમની હાજરી નોંધાશે. આ પારદર્શક પધ્ધતિને કારણે ગ્રામજનોના અટકેલા કામો ઝડપથી પૂર્ણ થશે અને વહીવટી તંત્રમાં શિસ્ત આવશે. ડિજિટલ ટ્રેકિંગ સીધું ઉચ્ચ અધિકારીઓના સર્વર સાથે જોડાયેલું હોવાથી ગેરરીતિની કોઈ શક્યતા રહેશે નહીં.

# થરાદ પાલિકાએ નર્મદા કેનાલમાંથી એક જ દિવસમાં ત્રણ લાશ બહાર કાઢતા ચકચાર

થરાદ,તા.૧૪

થરાદ પાલિકાના અગ્નિશામક દળના વિભાગે થરાદ બાજુની નર્મદા કેનાલમાંથી એક જ દિવસમાં ત્રણ લાશ કાઢતા હાહાકાર મચી ગયો છે. નર્મદા કેનાલ ફક્ત કેનાલ ન રહેતા સુસાઈડ પોઈન્ટ બની ગઈ છે. થરાદ ખાતેની નર્મદા કેનાલમાં ૧૩ દિવસમા ૧૩ લોકો મોતની છલાંગ લગાવી ચૂક્યા છે. સતત આત્મહત્યાની ઘટના સમાજ માટે લાલબત્તી સમાન છે. આ કેનાલ લોકોને પીવાનું પાણી પૂરુ પાડવા અને ખેડૂતોને ખેતી માટે પૂરું પાડવા



માટે છે, કંઈ આત્મહત્યા કરનારા માટે નહીં. કમ સે કમ કેનાલ પર બોર્ડ મૂકી દેવા જાઈએ, નર્મદા કેનાલ બનાવવામાં આવી ત્યારે લોકોની તકલીફો દૂર કરવાના આશયથી બનાવવામાં આવી છે. આ રીતે આત્મહત્યા કરીને લોકોને આપવામાં આવતું પીવાનું પાણી આત્મહત્યા કરનારાઓ શું કામ બગાડતા હશે. વાસ્તવમાં તો આત્મહત્યા કરવી જ ન જોઈએ, તે વિચાર જ ખોટો છે. જીવનમાં અંધકાર પછી સવાર ચોક્કસ હોય છે તેવું ન સમજનારા નાની-નાની વાતમાં લાગી જઈને આત્મહત્યા કરનારા લોકો મૃત્યુ પામવાની સાથે-સાથે બીજાના જીવન પર પણ વિપરીત અસર છોડી જાય છે,

# અમદાવાદમાં જીએસટી વિભાગે નોટીસ આપ્યા વગર જ વેપારીઓના ખાતા ફ્રીઝ કરતા રોષ

અમદાવાદ,તા.૧૪




અમદાવાદમાં નાણાકીય વર્ષ પૂર્ણ થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે જીએસટી વિભાગ સંપૂર્ણપણે 'રિકવરી મોડ'માં આવી ગયું છે. માર્ચ મહિનાના પ્રારંભથી જ અનેક વેપારીઓના બેંક ખાતા કોઈપણ પૂર્વ સૂચના કે સુનાવણી વગર સીધા જ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. નિયમ મુજબ પોર્ટલ પર નોટિસ આપવી અથવા વ્યક્તિગત સુનાવણી કરવી અનિવાર્ય છે, પરંતુ આ વખતે ટેક્સ, વ્યાજ અને દંડની વસૂલાત માટે આ તમામ પ્રક્રિયાઓને નેવે મૂકીને સીધી કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિભાગના આ આક્રમક વલણને કારણે વેપારી આલમમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે

# વડોદરામાં ઘરકંકાસમાં પતિએ છરીના ઘા ઝીંકી પત્નીની નિર્મમ હત્યા કરતા ખળભળાટ

વડોદરા,તા.૧૪

વડોદરાના બકરાવાડી વિસ્તારમાં મોડી રાત્રે એક હ્રદયદ્રાવક ઘટના બની છે, જેમાં નજીવા ઘરકંકાસમાં પતિએ પોતાની જ પત્નીની ઘાતકી હત્યા કરી નાખી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મોડી રાત્રે પતિ બંટી સોલંકી અને પત્ની રીટા સોલંકી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ વિવાદમાં ઉશ્કેરાયેલા



પતિએ આવેશમાં આવીને પત્ની પર ચપ્પુ વડે સબડક હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે રીટાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પડોશીઓએ નવાપુરા પોલીસને જાણ કરી હતી. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને આરોપી પતિની અટકાયત કરી લીધી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને એફ. એસ.એલ. દ્વારા પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# નખત્રાણાના ખાંભલા ગામે ઓનરકિલીંગ: પિતાએ જ દિકરી અને પ્રેમીને પતાવી દીધા

નખત્રાણા,તા.૧૪

કચ્છના નખત્રાણા તાલુકામાં ફેબ્રુઆરી માસથી ગુમ થયેલા પ્રેમીપંખીડાની હત્યાનો કરૂણ અંજામ સામે આવ્યો છે. ખાંભલા ગામના કૂવામાંથી ૨૧ વર્ષીય નવીન રબારી અને ૧૯ વર્ષીય નાથીબેન રબારીના મૃતદેહ મળી આવતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. પોલીસ તપાસમાં



ચોંકાવનારો ખુલાસો થયો છે કે યુવતીના પિતા વકા રબારીએ જ પોતાના ભાણેજ પબા રબારી સાથે મળીને આ ડબલ મર્ડરને અંજામ આપ્યો હતો. યુવતી અન્ય યુવક સાથે ભાગી જતા પિતાએ તેને સામાજિક પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી બંનેને રસ્તામાં પકડી પાડ્યા હતા અને ગળું દબાવી હત્યા કરી લાશ કૂવામાં ફેંકી દીધી હતી. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ ઓનર કિલિંગના ગંભીર પાસાને ફરી એકવાર સપાટી પર લાવી દીધું છે.

# બે સમાજની બેઠક બાદ ગાયિકા કિંજલ રબારી ઘરે પરત ફરતા વિવાદનો અંત

રાધનપુર,તા.૧૪

રાધનપુરની લોકગાયિકા કિંજલ રબારીના આંતરજ્ઞાતીય લગ્નનો વિવાદ આખરે શાંત પડ્યો છે. કિંજલે અશોક ચૌધરી સાથે પોતાની મરજીથી પ્રેમ લગ્ન કર્યા હતા, જેના કારણે રબારી સમાજમાં ભારે નારાજગી જોવા મળી હતી. વિવાદ વકરતા અને સોશિયલ મીડિયા પર આક્ષેપો




થતા કિંજલે પોલીસ સંરક્ષણની પણ માંગ કરી હતી. જોકે, ગઈકાલે રાત્રે બનાસકાંઠામાં ચૌધરી અને રબારી સમાજના વડીલોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ મધ્યસ્થી બાદ કિંજલ રબારી સુરક્ષિત રીતે પોતાના ઘરે પરત ફરી છે. સમાધાનના ભાગરૂપે તેણે સોશિયલ મીડિયા પરથી લગ્ન સંબંધિત તમામ પોસ્ટ પણ હટાવી દીધી છે, જેનાથી હાલ આ વિવાદનો અંત આવ્યો છે.

# કચ્છના દુધઈ ગામે ૩.૪ની તિવ્રતાના ભુકંપના આંચકાથી ભય

ભુજ,તા.૧૪

કચ્છ જિલ્લો ફરી એકવાર ભૂકંપના કેન્દ્ર સ્થાને હોય તેમ જણાય છે. ગત મોડી રાત્રે ૧૦:૫૨ કલાકે કચ્છના દૂધઈ અને તેની આસપાસના વિસ્તારોમાં ધ્રુજારી અનુભવાતા લોકો ગભરાઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૪ નોંધાઈ હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ



દૂધઈથી ૨૦ કિમી દૂર ઉત્તર-ઉત્તર પૂર્વ દિશામાં હતું. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર નથી, પરંતુ વારંવાર આવતા આંચકાઓને લીધે સ્થાનિકોમાં ફફડાટ વ્યાપેલો છે.

# રાજકોટમાં માનવતા શર્મસાર: સગીરા પર કાકાનું દુષ્કર્મ

રાજકોટ,તા.૧૪

રાજકોટમાં મજૂરીકામ કરતા પરિવારની ૧૪ વર્ષીય સગીરા પર તેના જ કૌટુંબિક કાકાએ પાંચ મહિના સુધી દુષ્કર્મ આચર્યું હોવાની હ્રદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે.

સગીરાને પેટમાં દુખાવો થતાં હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં તબીબી તપાસ દરમિયાન તેની પાસેથી ગર્ભનિરોધક ગોળીઓ મળી આવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ ઘટનાએ પવિત્ર સંબંધો પર સવાલો ઉભા કર્યા છે અને સમાજમાં રોષની લાગણી જન્માવી છે. પોલીસે આ નરાધમ કાકા વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.







